# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૭ મું.
અંક ૯ મો
સંવત ૧૯૯૬
ચૈત્ર.



શ્રી શત્રુંજય તીર્થ :: દેવનગર

પ્રકાશકઃ—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧ માયાવી સંસાર ... ... ( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ) ૨૩૫
૨. કરો છો શોક શું કરવા ? .... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૨૩૬
૩. વાચક અને શ્રોતાને સૂચના .... ( ,, ) ૨૩૭
૪, પરમ પરાક્રમી કોણ ? ... ... ... ... ... ૨૪૧
૫. સુખ—દુઃખ .... ... ( ઉધ્ધૃત ) ... ... ... ૨૪૨
૬. શ્રી શ્રુતજ્ઞાન ... ... ( પંન્યાસ શ્રી ધર્મવિજયજી ગણિ ) ૨૪૪
૭. ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય : અનુવાદ... ( ડૉ૦ ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) ૨૪૯
૮. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? ( મુનિ શ્રી હંસસાગરજી મહારાજ ) ૨૫૨
૯. લક્ષ્મીની લીલા ! ... ... ... .... .... ... ૨૫૬
૧૦. પ્રભુદર્શનનો તલસાટ ... ... ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૫૭
૧૧. સંયમ ... ... ... ... ( અનુ૦ અભ્યાસી B. A. ) ૨૫૯
૧૨. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ૨૬૨


---


## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિધ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઈ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂા. ૦—૧—૩ મળી મંગાવનારે રૂા. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી. લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


---

## ખેદજનક અવસાન


અત્રેના આગેવાન ગૃહસ્થ શેઠ તારાચંદ જીવણભાઇના સાઠ વર્ષની વયે ગત ચૈત્ર શુદિ ૧ ના રોજ થએલ અવસાનની નોંધ લેતા અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ. સદ્દગતે જૈન સમાજની યોગ્ય સેવા કરી હતી, તેમ જ આ સભાના તેઓ લાઇફ મેમ્બર હતા. અમો સદ્દગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

---

**"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં ૪૪ : વીર સં. ૨૪૬૬ : ચૈત્ર :
અંક : ૯ મો : * * વિક્રમ સં. ૧૯૯૬ : એપ્રીલ :

# માયાવી સંસાર

યહ સંસાર સુપનકી માયા, માતપિતા અરુ કૌન હૈ ભાયા,
બાદલરંગ અરુ તરુવર છાયા, પલભર મિલ ઝટપટ પલટાયા. યહ૦ ૧

કરિવર કાન ચપલ ચપકારા, નારીકા નેહ નિર્ઝર જલધારા;
ઉદધિ તરંગ તુરંગ તરુલતા, વાયુવેગહત મેઘ વરસતા. યહ૦ ૨

નારીકા નયન કુમતિકી મતિયાં, કાયરકંપ પુરાણકી [1]બતીયાં;
સાધુસમાગમ તથાગતકહની, વેદધર્મમેં દયામતિ રહની. યહ૦ ૩

વૈસી ઉપમા ઘટત હૈ તિનમેં, કમલા કુટુંબ પ્રમુખ [2]ધ્વજમીનમેં;
મેલ મિલ્યો સો હોવત ન્યારો, બિછડ ગયો જબ કયોં કર પ્યારો. યહ૦ ૪

તું નહીં કિસીકા કોઇ નહીં તેરા, મૂરખ ઝૂર ઝૂર માનત મેરા;
વિજયાનંદ મતિચંદ સુસારો, પાન કરો હોવે **કાંતિ** ઉજારો. યહ૦ ૫

**પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ**

૧. વાતો. ૨. ધ્વજમીન=મીનધ્વજ કામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કરો છો શોક શું કરવા?

તમે જન્મ્યા હતા જ્યારે, હતું ધન કેટલું ત્યારે?
ગુમાવ્યું મેં બધું માની, કરો છો શોક શું કરવા? ૧
ઘણી લક્ષ્મી હતી જ્યારે, વિસારીને પ્રભુ ત્યારે;
બન્યા કંગાળ અત્યારે, કરો છો શોક શું કરવા? ૨
જુવાનીમાં દીવાના થઇ, ભૂલાવ્યાં ધર્મકૃત્યોને;
થયા ઘરડા નથી બનતું, કરો છો શોક શું કરવા? ૩
આકરાં ઝેર બહુ પીધાં, મરણની બીક છોડીને;
મરણ આવી ખડું જ્યારે, કરો છો શોક શું કરવા? ૪
મળેલી સર્વ શક્તિથી, અશક્તોને સતાવીને;
હીનશક્તિ થયા જ્યારે, કરો છો શોક શું કરવા? ૫
દયાની ભિખ ના આપી, દયાળુ થઇને દુઃખિયાને;
દયા મળતી નથી જ્યારે, કરો છો શોક શું કરવા? ૬
સંતોષી ક્ષુદ્ર તૃષ્ણાઓ, અવરના પ્રાણ લૂંટીને;
લૂંટાતાં પ્રાણ પોતાના, કરો છો શોક શું કરવા? ૭
ચઢીને માનને ઘોડે, હૃદય બાળ્યાં ઘણાઓનાં;
હવે બળવા વખત આવે, કરો છો શોક શું કરવા? ૮
દશા માઠી નિહાળીને, અવરની ધ્યાન ના દીધું;
દશા માઠી થઇ જ્યારે, કરો છો શોક શું કરવા? ૯
પડ્યા પર પાટુઓ મારી, ઘણા રાજી થયા મનમાં;
તમારો વારો આવ્યો છે, કરો છો શોક શું કરવા? ૧૦
કર્યો આરોપ પુદ્ગલમાં, સુખનો સુખ મેળવવા;
નિરાશા અંતમાં મળતાં, કરો છો શોક શું કરવા? ૧૧
બધુંએ ખોઇને હોંશે, કરેલી દેહની સેવા;
અંતમાં રાખ સહુ બનતાં, કરો છો શોક શું કરવા? ૧૨
ન જોયો તત્ત્વદૃષ્ટિથી, સુખદ સાચો સરલ રસ્તો;
દુઃખદ રસ્તે ભૂલા ભટકી, કરો છો શોક શું કરવા? ૧૩

—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાચક અને શ્રોતાને સૂચના

લેખક: આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

**કોઇ પણ** લખાણ—પછી તે લેખના રૂપમાં હોય, પુસ્તકના રૂપમાં હોય, પત્રના રૂપમાં હોય અથવા અન્ય કોઇ રૂપમાં હોય, તથા કોઈ પણ વક્તવ્ય ભાષણના રૂપમાં હોય, ઉપદેશના રૂપમાં હોય, વાતચીત કરવાના રૂપમાં હોય, અથવા અન્ય કોઇ રૂપમાં હોય, બન્ને વસ્તુઓ વિશ્વની અંદર મનુષ્યને વિચરવાના વિશાળ પથ છે. લખાણ તથા વક્તવ્યરૂપ વિશાળ પથના સખારૂપ નાના નાના અનેક પથો છે. મનુષ્યો પોતાની બુદ્ધિ તથા ઇચ્છાનુસાર સર્વ પથોમાં પ્રયાણ કરી રહ્યા છે. કોઇ પણ પથ મનુષ્ય–પ્રયાણથી શૂન્ય નથી. ભિન્ન ભિન્ન પથમાં પ્રયાણ કરનાર મનુષ્યો એકબીજા મનુષ્યોને પોતપોતાના પથમાં પ્રયાણ કરાવવા સતત પ્રયત્ન કરી રહ્યા છે. ઘણાખરા મનુષ્યોનો એવો મત છે કે જે પથમાં અધિક મનુષ્યો પ્રયાણ કરતા હોય તે પથમાં પ્રયાણ કરવું અત્યન્ત શ્રેયસ્કર છે. કેટલાક મનુષ્યો અશુદ્ધ પથથી જ્ઞાત હોવા છતાં પણ ઘણા મનુષ્યોથી જુદા પડવાના તથા કેટલીક આપત્તિઓના ભયથી શુદ્ધ પથ તરફ દૃષ્ટિ સુધ્ધાં કરતા નથી. કોઇ કોઇ સત્તાવલંબી અસત્ય તથા અગ્રાહ્યને ત્યાજ્ય સમજી મનુષ્યોના અસત્ય આરોપો, નિંદાઓ તથા તિરસ્કારો તરફ કિંચિત્ માત્ર પણ લક્ષ આપતા નથી, અને સત્ય તથા ગ્રાહ્ય માર્ગનું અવલંબન લે છે. કેટલાક મનુષ્યો તો પરમાર્થ સમજ્યા વગર એક-બીજાની દેખાદેખીથી બુદ્ધિનો ઉપયોગ કરતાં કંજુસાઇ ધારણ કરી બીજાની સંમતિ ન ગ્રહણ કરી આંખો મીંચીને, કોઇ પણ પથમાં પ્રયાણ કરતા મનુષ્યની પાછળ પ્રયાણ કરવા આંચકો ખાતા નથી. દુનિયામાં જેટલા પ્રકારના લખાણો તથા ભાષણો છે તેટલા જ પ્રકારના પથો છે, અને તે પથો નિરંતર વહન થયા જ કરે છે. પથોમાં કેવલ ગમન જ થતું નથી પણ આગમન પણ થાય છે. આગમન કરતાં ગમન કરનાર નુકશાન વેઠી પાછા ફરનાર મનુષ્યો, પથમાં ગમન કરનારને, પહેલ પ્રથમ જનારને પથમાં પ્રયાણ કરવાથી થતા નુકશાન બતાવી તેઓને પાછા ફરવા પ્રેરણા કરે છે, તો તેઓ તેના કથનનો અનાદર કરી હસી કાઢે છે અને અનેક પ્રકારના દોષોથી દૂષિત કરે છે. જ્યારે તેઓ નુકશાનીના ખાડામાં ઉતરે છે ત્યારે પશ્ચાત્તાપપૂર્વક સઘળું નષ્ટ કરીને પાછા ફરે છે. લખાણો તથા ભાષણોથી અભિપ્રાયો જણાવવામાં તથા જાણવામાં આવે છે એ વાત સર્વથા સત્ય છે; પરંતુ અભિપ્રાયોથી વિરુદ્ધ કોઇ એક ખાસ કાર્યસિદ્ધિને માટે બોલવામાં કે લખવામાં અડચણ નડતી નથી, તેથી કરી અન્તરીય અભિપ્રાયોથી વિરુધ્ધ જાણવામાં કે જણાવવામાં કોઇ પણ પ્રકારનો બાધ આવતો નથી, અને જો એમ ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો આ લોકોક્તિ જે પ્રસિધ્ધિમાં આવી છે તે ન આવવી જોઇએ. પરન્તુ કોઇ ને કોઇ પ્રસંગને લઇને જ કહેવામાં આવ્યું છે કેઃ—

**'પંડિત વૈદ્ય મસાલચી, તીનો એક સમાન; ઔરોંકો ચાંદન કરે, આપ અંધેરે જાન.'**

કોઇ પણ પ્રકારના લખાણો તથા વક્તવ્યમાં સત્યાંશ, અસત્યાંશ તથા અગ્રાહ્યતાંશ તો અવશ્ય રહે જ છે.

આ સર્વ એક એક વ્યક્તિગત જાણવું. સર્વ વ્યક્તિગત તો અસત્યાંશ તથા અગ્રાહ્યતાંશનો અસંભવ જ રહે છે, કારણ કે ભિન્ન ભિન્ન વ્યક્તિઓ ભિન્ન ભિન્ન સ્વભાવવાળી જ હોય છે, અને તેથી કરીને સમગ્ર લખાણ કે ભાષણમાંથી પોતપોતાના સ્વભાવાનુકૂળને ગ્રહણ કરે છે, માટે અગ્રાહ્ય તથા અસત્યાંશ રહેતો નથી, અને એક વ્યક્તિની અપેક્ષા અનુકૂળ અંશ ગ્રહણ કરતાં અવશિષ્ટ રહેલો પ્રતિકૂળ અંશ અગ્રાહ્ય તથા અસત્ય જ થઇ શકે છે, માટે કોઇ પણ લેખ અથવા ભાષણ એવું હોતું નથી કે જે સર્વાંશે એક વ્યક્તિને અનુકૂળ થઇ શકે. એક વ્યક્તિની અપેક્ષાથી લેખનો તથા વક્તવ્યનો સર્વાંશ સત્ય તથા ગ્રાહ્ય થઇ શકે છે તો તે કેવલ લેખક તથા વક્તાના અંગે જ થઇ શકે છે. લેખક તથા વક્તા પોતાના તરફથી લખેલું તથા બોલેલું સર્વ સત્ય તથા ગ્રાહ્ય સમજે છે, અને એવી સમજણથી જ લખવામાં તથા બોલવામાં પ્રવૃત્ત થાય છે. પૂર્વોક્ત નિયમ કેવલ લખાણ કે ભાષણને જ લાગુ પડતો નથી, પરન્તુ વિશ્વસ્થ સઘળી વસ્તુઓ આ નિયમથી બધ્ધ થયેલી છે, જેમકે વનસ્પતિગત જુવાર, બાજરી, તુવેર ઇત્યાદિ અન્ન ઉત્પાદક વનસ્પતિઓમાં ગ્રાહ્ય અંશ તથા અગ્રાહ્ય અંશ રહેલો છે. મનુષ્યને માટે અન્ન ગ્રાહ્ય છે, બીજું અગ્રાહ્ય છે; પશુઓને માટે પાંદડાં આદિ ચારાની વસ્તુ ગ્રાહ્ય છે—આ જ પ્રમાણે દરેક વસ્તુઓમાં એક એક વ્યક્તિની અપેક્ષાથી ગ્રાહ્યતા તથા સત્યતા રહેલી છે. કોઇ પણ લેખ તથા વક્તવ્ય એકને અરુચિકારક થાય તો સર્વને અરુચિકર થાય તેમ એકાન્ત નથી, પરન્તુ એક જ લખાણ તથા એક જ વક્તવ્ય એકને અરુચિકર હોય છે તો બીજાને રુચિકર નીવડે છે. લખાણો તથા વક્તવ્યો ઉપર રુચિ તથા અરુચિ મનુષ્યોના આચાર, વિચાર, સંસ્કાર અને સંગત ઉપર આધાર રાખે છે. મનુષ્ય જેવા જેવા આચારવિચારથી સંસ્કારી થયેલો હોય, તથા જેવી જેવી સંગતથી સંગઠિત હોય તે લખાણો તથા વક્તવ્યોમાંથી તદનુકૂળ અંશને ગ્રહણ કરે છે. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે હાસ્ય, કરુણ, રૌદ્ર, ભયાનક, શાન્ત, વીર, શૃંગાર, બિભત્સ અને અદ્‌ભુત—આ નવ રસયુક્ત નાટકના ખેલો જોવાવાળા પ્રેક્ષકો ભિન્ન ભિન્ન રસોને ગ્રહણ કરવાવાળા હોય છે. સર્વ પ્રેક્ષકોમાંથી કોઇને શૃંગારરસ પ્રિય હોય છે, તો કોઇને વીરરસ પ્રિય હોય છે, તો કોઇને કરુણરસ યા હાસ્યરસ પ્રિય હોય છે. મતલબ કે પૂર્વે કહ્યા પ્રમાણે આચાર, વિચાર તથા સંગતથી પડેલા સંસ્કારાનુસાર ખેલમાંથી ભિન્ન ભિન્ન અંશોને ગ્રહણ કરે છે. લખાણો તથા વક્તવ્યોની પણ આવી જ સ્થિતિ છે. કેટલાક અસત્યાંશ તથા અગ્રાહ્યતાંશને ગ્રહણ કરે છે. બુદ્ધિદ્વારા સ્પષ્ટ જ્ઞાન કર્યાં છતાં પણ માનથી, ઇર્ષ્યાથી તથા દ્વેષથી ઘણાખરા મનુષ્યો અગ્રાહ્ય અંશને જ ગ્રહણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે, કેટલાક મનુષ્યો પોતાની વાત કાયમ રાખવાના કદાગ્રહથી, પછી તે વાત અસત્ય યા અગ્રાહ્ય કેમ ન હોય? પરન્તુ લખાણ તથા વક્તવ્યમાંથી પોતાના કથનની સાધક વાતને જ ગ્રહણ કરે છે, માટે કોઇ પણ પ્રકારનું લખાણ કે વક્તવ્ય હોય તેને વાંચીને અથવા સાંભળીને બુદ્ધિની તુલના કર્યા વગર, પાંચ સાત લખાણો તથા વક્તવ્યોના વિચારો મેળવ્યા વગર અને ઊંચ વિચારવાળા શ્રેષ્ઠતમ સાક્ષરોની સમ્મતિ પ્રાપ્ત કર્યા વગર એકદમ સહમત ન થવું જોઇએ, હૃદયમાં એકદમ સ્થાન ન આપવું જોઇએ, પ્રવૃત્તિમાં ન લાવવું જોઈએ. સર્વ પ્રકારના લખાણો તથા વક્તવ્યો વાંચવામાં કે સાંભળવામાં કશોએ બાધ નથી; કારણ કે ભિન્ન ભિન્ન પ્રકારના લખાણો તથા વક્તવ્યો વાંચ્યા વગર કે સાંભળ્યા વગર સત્યાંશ તથા ગ્રાહ્યતાંશનો નિર્ણય થઈ શકતો નથી. આપણને અનુભવસિદ્ધ વાત છે, નિરંતર પ્રત્યક્ષપણે જોઇએ છીએ કે વસ્તુ ખરીદ કરવાના ઇરાદાથી આપણે અથવા કોઈ પણ મનુષ્ય બજારમાં જાય છે તો પાંચ–સાત દુકાને ફર્યા વગર અથવા પાંચ–સાત વસ્તુઓની સરખામણી કર્યા વગર એકદમ ગ્રહણ કરતા નથી. સારી રીતે તપાસ કરીને, પરીક્ષા કરીને, અનુભવીને પૂછીને જ ગ્રહણ કરે છે. જ્યારે એક સાધારણ વસ્તુને માટે બુદ્ધિ તથા વિચારનો સારી રીતે ઉપયોગ કરવામાં આવે છે તો પછી જીવનના વ્યવસ્થાપક લેખો તથા વક્તવ્યો માટે કાંઈ પણ બુદ્ધિ તથા વિચારનો ઉપયોગ ન કરતાં તેને ગ્રહણ કરીને તન્મય બની જવું એ કેટલી મોટી ભૂલ છે? કેટલી બેપરવાઈ છે? કેટલું આળસ્ય છે? કેટલી ઉપેક્ષા છે?

નાટકો, નોવેલો તથા અન્ય કોઇ પણ વાર્તાના લેખકો પોતાના આચારવિચારાનુકૂળ કલ્પિત અથવા બનેલા વૃત્તાંતને વધારીને-અલંકૃત કરીને લખે છે. લખવામાં પોતાના આચારવિચારોની વાચકના હૃદયમાં સચોટ અસર કેમ થાય? તે બાબતમાં સાવધાન રહી રસયુક્ત વાક્યરચના કરે છે. કલ્પિત વાર્તાઓને એવી બનાવી લખે છે કે વાંચવાવાળાને કલ્પના કરવી પણ મુશ્કેલ થઈ પડે છે. જાણે લખેલી બીના સર્વથા સત્ય અને બનેલી ન હોય એવું ભાસે છે. પોતાના આચારવિચારાનુકૂળ કલ્પના કરવી હોય તો વિશ્વાંતર્ગત રહેલા ભાવો પદાર્થોથી કરી શકાય છે. વિશ્વમાં સર્વ વૃત્તાંતો બનેલાં જ હોય છે. ભિન્ન ભિન્ન સમયમાં ભિન્ન ભિન્ન બનાવો બન્યે જાય છે માટે જે કલ્પના કરવામાં આવે છે તે સત્ પદાર્થથી જ બનેલા વૃત્તાંતની કરવામાં આવે છે. અસત્ પદાર્થ તથા અસત્ બનાવો કલ્પનામાં આવી શકતા જ નથી. કોઇ પણ વાર્તામાં એવું વાંચવામાં તથા કોઇના મોઢે એવું સાંભળવામાં આવ્યું છે કે સસલાએ પોતાના શીંગડાવડે સિંહને માર્યો અથવા આકાશમાં ઉત્પન્ન થયેલા પુષ્પોના હારોથી સુશોભિત થયેલ વંધ્યાના પુત્રે પૂંછડાંવાળા તથા શીંગડાવાળા માણસો પાસે પાણી મંથન કરાવીને માખણ કરાવ્યું. કલ્પિત તથા બનેલી વાર્તાના લેખનું પૃથક્કરણ એટલા જ માટે કરવામાં આવે છે કે વાર્તા બનેલી પણ તે લખેલી, જોયેલી કે સાંભળેલી ન હોય, અને નામ, સ્થાન આદિ વસ્તુઓ અન્ય રૂપમાં હોય તેને પોતાના આચારવિચારાનુકૂળ બુદ્ધિદ્વારા જોડી દેવાથી કલ્પિત કહેવામાં આવે છે; અને જોયેલા તથા સાંભળેલા વૃત્તાંતને લખવાથી કલ્પિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી કહેવામાં આવતી. આ જ પ્રમાણે વક્તવ્યમાં પણ કલ્પિત તથા યથાર્થ વૃત્તાંત હોય છે. લખાણો તથા વક્તવ્યોમાં વાંચનારને તથા સાંભળનારને રુચિ તથા ભય ઉત્પન્ન કરવા રોચક તથા ભયાનક વચનો લખવામાં તથા બોલવામાં આવે છે, જે વચનો ઘણાંખરાં કલ્પિત હોય છે. આવાં વચનો મનુષ્યોને અવળે માર્ગેથી ઉતારી સીધે માર્ગે જોડવામાં ઘણા ઉપયોગી નીવડે છે. મતલબ કે મનુષ્યોની વૃત્તિઓને પોતપોતાના આચારવિચાર તરફ ગમન કરાવવાના હેતુથી લેખકો તથા વક્તાઓ સમયાનુકૂળ ઉપયોગી લખાણો તથા ભાષણોનો ઉપયોગ કરે છે. મનુષ્યોની પ્રિયતાનુસાર પોતાના વિચારોનું મિશ્રણ કરી લેખે છે તથા બોલે છે. મનુષ્ય જ્યારે કોઈ પણ લખાણ વાંચે છે તથા કોઈ પણ વક્તવ્ય સાંભળે છે ત્યારે તેને પોતાના ચિત્તની એકાગ્રતા કરવાની ખાસ આવશ્યકતા રહે છે, કારણ કે જ્યાં સુધી ચિત્તવૃત્તિ સમગ્ર કાર્યોથી નિવૃત્ત થઇને વાંચવામાં કે સાંભળવામાં સ્થિર થતી નથી ત્યાં સુધી લખાણ કે ભાષણનું રહસ્ય સમજાતું નથી; અને જ્યાં સુધી રહસ્ય ન સમજાય ત્યાં સુધી વાંચનારને તથા સાંભળનારને આનંદ આવતો નથી, તેમજ ગ્રાહ્યાગ્રાહ્યની સમજણ ન પડવાથી પ્રાપ્તિશૂન્ય રહી જાય છે. તે માટે વાચકોએ તથા શ્રોતાઓએ વાંચવામાં તથા સાંભળવામાં સંપૂર્ણ લક્ષ આપવું જોઇએ.

મનુષ્ય જેમ જેમ લેખને વાંચતો જાય છે તથા વક્તવ્યને સાંભળતો જાય છે તેમ તેમ તેનું માનસ–ચક્ર ઘણા જ વેગથી ભ્રમણ કરે છે, જેથી કરી વાંચેલું તથા સાંભળેલું સર્વ સ્મરણમાં રહેતું નથી. યદિ ચિત્તવૃત્તિની એકાગ્રતા હોય તો જ ઝડપથી સાંભળેલા તથા વાંચેલામાંથી કંઇક સ્મરણમાં રહી જાય છે. જે વિષયો આપણા અનુભવમાં આવી ગયેલા હોય, જે વિષયોનું જ્ઞાન આપણે સારી રીતે ધરાવતા હોઇએ તે વિષયો ગમે તેટલી ઝડપથી વાંચીએ કે સાંભળીએ તો પણ આપણા સ્મરણમાં રહી જાય છે. સ્મરણમાં રાખવાવાળી સમજણ છે. જે વિષય સારી રીતે સમજવામાં આવી જાય તે વિષય હમેશાં સ્મરણમાં રહે છે જ, માટે જ અનુભવેલા વિષયો સારી રીતે સમજાયેલા હોવાથી સ્મરણબાહ્ય થતા નથી. આપણે જોઇએ છીએ કે જે વિષયથી આપણે સર્વથા અજ્ઞાત હોઇએ અને તેવો વિષય આપણા વાંચવામાં કે સાંભળવામાં આવે છે ત્યારે આપણને કંઈ પણ ખબર પડતી નથી, જરાયે સમજતા નથી અને તેમ થવાથી જ્યારે કોઇ પૂછે છે કે શું સાંભળ્યું ? શું વાંચ્યું ? ત્યારે આપણે તેઓને કશો પણ ઉત્તર આપી શકતા નથી, તો પછી સ્મરણમાં રહેવું સર્વથા અશક્ય છે મતલબ કે કોઈ પણ લખાણ કે ભાષણ જ્યાં સુધી સમજણમાં ન આવે ત્યાં સુધી સર્વ નકામું છે. વાંચીને મનન કરવાનું પણ સમજવાને માટે જ બતાવવામાં આવ્યું છે, માટે તમારે કોઈ પણ લખાણ તથા વાંચન તથા ભાષણ સાંભળીને કે વાંચીને તેનું રહસ્ય સમજવા ઉત્સુક રહેવું અને રહસ્ય સમજ્યા પછી ઉચિતાનુચિતનું પૃથક્કરણ કરીને ઉચિતને ગ્રહણ કરવું અને અનુચિતને ત્યાગવું. પરંતુ પૂર્વે કહ્યા પ્રમાણે ઉચિતની સારી રીતે પરીક્ષા કરવી. હૃદયમાં સ્થાન ત્યારે જ આપવું કે જ્યારે પરીક્ષામાં ઉચિત સિદ્ધ ઠરે. કેટલુંક અનુચિત હોય છે પણ ઉચિતની જેવું ભાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આપણા શુદ્ધ વિચારો અશુદ્ધ ભાસે છે, અનુચિત ભાસે છે જેથી કરી આપણે ઉચિતનો ત્યાગ કરી અનુચિત ગ્રહણ કરી લઇએ છીએ અને આમ થવાથી આપણે લાભને બદલે નુકશાન ઉઠાવીએ છીએ. એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે કોઇ પણ લખાણ તથા વક્તવ્ય વાંચતા તથા સાંભળતાવંત જ સંમત થવું ન જોઇએ, ગ્રહણ ન કરવું જોઇએ. જે વાત આપણે ન સમજતા હોઇએ તેને બરાબર સમજવી જોઇએ. અમુકને માન્ય છે તો મને પણ ગ્રાહ્ય છે, એવા નિર્ણય પર ન આવવું જોઇએ. જેટલી વાતો આપણી સમજેલી હોય અને જેનાથી આપણે કંઇક સારો લાભ મેળવ્યો હોય તેને સહમત થતાં કે ગ્રહણ કરતાં કાંઇ પણ વાંધો નથી, પણ અજ્ઞાત વિષયમાં તો પૂર્વે કહ્યા પ્રમાણે જ વર્તવું યોગ્ય જણાય છે. જે વિષયનો નિર્ણય કરી હૃદયમાં સારી રીતે ઠસાવેલ હોય, આપણી પૂર્ણ શ્રદ્ધાનું કેન્દ્રસ્થાન થઇ પડયો હોય તેને ખસેડતા પહેલાં સારી રીતે બુદ્ધિનો તથા વિચારનો ઉપયોગ કરવો.

## પરમ પરાક્રમી કોણ ?

He alone is the great and extra-ordinary hero who valiantly subdues the enemies within. The power of him who has subdued his senses shines like the crest-fewel of all material powers.

આંતર શત્રુઓને જીતવામાં જે પરાક્રમી છે તે જ મહાન્ મનુષ્ય લોકોત્તર પરાક્રમી છે. જિતેન્દ્રિય વ્યક્તિનું આત્મબળ જગતનાં તમામ ભૌતિક બળોના મસ્તક પર મણિની જેમ ઝગમગે છે.

—ભગવાન મહાવીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ-દુઃખ

આદ્ય લેખિકાઃ શ્રીમતી લજ્જાવતી જૈન

**સંસારની** ગતિ બહુ જ વિચિત્ર છે. સુખ બાદ દુઃખ અને દુઃખ બાદ સુખ આવતું રહે છે. બલ્કે એમ કહીએ કે સંસારમાં સુખી જીવોની અપેક્ષાએ દુઃખી જીવોનું ક્ષેત્ર બહુ જ વિસ્તૃત છે. જનસમુદાયમાં અધિક સંખ્યા આધિ-વ્યાધિથી પરિપૂર્ણ છે. દુઃખનું મુખ્ય કારણ છે વાસના. હજારો પ્રકારની સુખસામગ્રી એકત્રિત હોવા છતાં પણ સાંસારિક વાસનાઓથી દુઃખની સત્તા ભિન્ન નથી હોતી. આરોગ્યવાળું શરીર, લક્ષ્મી, ગુણવતી સુંદર સ્ત્રી અને સુયોગ્ય સદાચારી સંતાન આદિ હોવા છતાં પણ દુઃખનું સંયોગ કારણ ઓછું નથી હોતું. એથી એ સ્પષ્ટ છે કે દુઃખથી સુખને ભિન્ન કરવું અને કેવળ સુખભોગી બનવાની ઇચ્છા રાખવી દુઃસાધ્ય છે.

સુખ-દુઃખનો સમસ્ત આધાર મનોવૃત્તિઓ પર છે. મહાન ધનવાન એવં જ્ઞાનવાન વ્યક્તિ પણ લોભ તથા વાસનાને વશીભૂત બની કષ્ટ ઉઠાવે છે. નિર્ધનમાં નિર્ધન વ્યક્તિ પણ સંતોષવૃત્તિના પ્રભાવથી મનના ઉદ્વેગોને રોકીને સુખી રહી શકે છે. મનોવૃત્તિઓનો વિલક્ષણ પ્રવાહ જ સુખ-દુઃખના પ્રવાહનું મૂળ છે. જે વસ્તુ આજ રુચિકર અને પ્રિય હોય છે તે જ થોડા સમય બાદ અરુચિકર પ્રતીત થાય છે, તેથી એ વાત સ્પષ્ટ છે કે બાહ્ય પદાર્થ સુખ-દુઃખના સાધક નથી. બલ્કે તેનો આધાર આપણી મનોવૃત્તિઓનો વિચિત્ર પ્રવાહ જ છે.

રાગ, દ્વેષ અને મોહ એ મનોવૃત્તિઓનું વિશેષ રૂપ અથવા તેના પર સમસ્ત સંસારચક્ર ચાલી રહ્યું છે. આ ત્રિદોષને દૂર કરવાનો સરલ ઉપાય સતૂશાસ્ત્રાવલોકન સિવાય બીજો કોઇ પણ નથી. કિંતુ મનુષ્યને હું રોગી છું, મને કયો રોગ છે તે જ્ઞાન કઠિનતાથી થાય છે. જ્યાં સંસારના સુખ-તરંગો મનને લોભાવે છે, જ્યાં મનુષ્ય માન અને વિલાસતાના હિંડોળામાં ઝુલી રહ્યા છે, જ્યાં તૃષ્ણારૂપી જળના પ્રબલ પ્રવાહમાં પડીને મનુષ્ય બેશુદ્ધ થઇ રહ્યા છે ત્યાં રોગ સમજવો કઠિન જ નહિ કિંતુ અસંભવ જેવું છે. પોતાની આંતરિક સ્થિતિનું જ્ઞાન ન રાખી શકવાવાળી વ્યક્તિ બિલ્કુલ નીચાં દરજ્જાની હોય છે. જે જીવ મધ્યમ શ્રેણીનો છે, જે પોતાને ત્રિદોષભ્રાંત સમજે છે, પોતાને ત્રિદોષજન્ય ઉગ્ર તાપથી પીડિત માને છે અને જે તે રોગના પ્રતિકારની શોધમાં છે તેમને માટે આધ્યાત્મિક ઉપદેશની આવશ્યકતા છે.

'અધ્યાત્મ' શબ્દ 'અધિ' અને 'આત્મ' આ બે શબ્દોના મેળથી બનેલ છે. તેનો અર્થ છે આત્માના શુદ્ધ સ્વરૂપને લક્ષ્ય કરીને તેના અનુસાર વ્યવહાર કરવો. સંસારના મુખ્ય બે તત્ત્વ છેઃ જડ અને ચેતન. જેમાંના એકને જાણ્યા વિના બીજાને જાણી શકાતું નથી. તે આધ્યાત્મિક વિષયમાં પોતાનું પૂર્ણ સ્થાન રાખે છે.

આત્મા શું વસ્તુ છે? આત્માને સુખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખનો અનુભવ કેમ થાય છે? સુખ-દુઃખના અનુભવનું કારણ આત્મા જ છે કે કોઇ અન્યના સંસર્ગથી આત્માને સુખ-દુઃખનું જ્ઞાન થાય છે ? આત્માની સાથે કર્મને શું સંબંધ છે ? તે સંબધ કેમ થાય છે ? તથા આદિમાન છે કે અનાદિ ? જો અનાદિ છે તો તેનો ઉચ્છેદ કેમ થઇ શકે ? કર્મના ભેદ-પ્રભેદોનો કયો હિસાબ છે ? કાર્મિક, બંધ, ઉદય અને સત્તા કેવા નિયમબદ્ધ છે ? અધ્યાત્મમાં આ સર્વ બાબતોનું યથેષ્ટ વિવેચન છે, અને તેનો પૂર્ણરૂપે પરિચય કરાવવામાં આવ્યો છે.

તેના અતિરિક્ત અધ્યાત્મ શાસ્ત્રમાં સંસારની અસારતાનું હૂબહૂ ચિત્ર અંકિત કરવામાં આવ્યું છે. આ શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ ભિન્ન-ભિન્ન રૂપે ઉપદેશદ્વારા ભાવનાઓને સ્પષ્ટતયા સમજાવી મોહ-મમતા ઉપર દબાણ કરવાનો છે, અને મોહ-મમતાના દૂર થવાથી જ સુખ-દુઃખ સમાન થઇ શકે છે.

ખરાબ આચરણોનો ત્યાગ, તત્ત્વ અધ્યયનની ઇચ્છા, સાધુસંતોની સંગતિ, સાધુજનો પ્રતિ પ્રીતિ, તત્ત્વોનું શ્રવણ, મનન તથા અધ્યયન, મિથ્યાદ્રષ્ટિનો નાશ, સમ્યગ્દ્રષ્ટિનો પ્રકાશ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિનો ત્યાગ, ઇંદ્રિયોનો સંયમ, મમતાનો પરિહાર, સમતાનો પ્રાદુર્ભાવ, મનોવૃત્તિઓનો નિગ્રહ, ચિત્તની નિશ્ચલતા, આત્મસ્વરૂપમાં રમણતા, સદ્ધ્યાનનું અનુષ્ઠાન, સમાધિનો આવિર્ભાવ, મોહાદિક કર્મોનો ક્ષય અને અંતમાં કેવળજ્ઞાન તથા નિર્વાણની પ્રાપ્તિ-આ પ્રકારનો આત્મોન્નતિનો ક્રમ અધ્યાત્મમાં સારી રીતે બતાવવામાં આવેલ છે.

અનંતજ્ઞાનસ્વરૂપ સચ્ચિદાનંદમય આત્મા કર્મોના સંસર્ગથી શરીરરૂપી અંધારી કોટડીમાં બદ્ધ છે. કર્મના સંસર્ગનું મૂળ અજ્ઞાનતા છે. સમસ્ત શાસ્ત્રાવલોકન કરીને પણ જેને આત્માનું જ્ઞાન પ્રાપ્ત ન થયું હોય તેને અજ્ઞાની જ સમજવો ઉચિત છે, કારણ કે આત્મિક જ્ઞાન વિના મનુષ્યનું ઉચ્ચમાં ઉચ્ચ જ્ઞાન પણ નિરર્થક છે, અને અજ્ઞાનતાથી જે દુઃખ થાય છે તે આત્મિક જ્ઞાનદ્વારા જ ક્ષીણ થઇ શકે છે. જ્ઞાન અને અજ્ઞાનમાં પ્રકાશ અને અંધકાર જેટલું જ અંતર છે. અંધકારને દૂર કરવામાં જે પ્રકારે પ્રકાશની અત્યંત આવશ્યકતા છે તે પ્રકારે અજ્ઞાનને દૂર કરવા માટે જ્ઞાનની આવશ્યકતા છે. આત્મા જ્યાં સુધી કષાયો-ઇંદ્રિયો અને મનને આધીન રહે છે ત્યાં સુધી તેને સાંસારિક સુખદુઃખનો અનુભવ થયા કરે છે, કિંતુ જ્યારે તે તેનાથી ભિન્ન થઈ જાય છે-નિર્મોહી બની પોતાની શક્તિઓને પૂર્ણરૂપે વિકસિત કરવામાં લાગી જાય છે ત્યારે 'મુમુક્ષુ' કહેવાય છે અને અંતે સાધનાની સમાપ્તિ કરી 'સિદ્ધાત્મા' અથવા 'શુદ્ધાત્મા' બની જાય છે.

ક્રોધનો નિગ્રહ ક્ષમાથી, માનનો પરાજય મૃદુતાથી, માયાનો સંહાર સરલતાથી અને લોભનો વિનાશ સંતોષથી થાય છે. આ કષાયોને જીતવાને માટે ઇંદ્રિયોને પોતાને વશ કરવી આવશ્યક છે. ઇંદ્રિયો પર પૂર્ણતયા અધિકાર જમાવવા માટે મનઃશુદ્ધિની આવશ્યકતા હોય છે. વૈરાગ્ય અને સત્ક્રિયાના અભાવથી મનનો રોધ થાય છે-મનોવૃત્તિઓ અધિકૃત હોય છે. મનને રોકવાને માટે રાગ-દ્વેષનું દબાવવું બહુ જ આવશ્યક છે, અને રાગદ્વેષના મેલને ધોવાનું કામ સમતારૂપી જળ કરે છે. મમતાને છોડયા વિના સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખક—શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ

( ગતાંક પૃષ્ઠ ૨૧૩ થી શરૂ )

## [ અવાન્તર સમ્યગ્દર્શન સ્વરૂપ ]

ક્ષયોપશમ ' પદમાં ક્ષય અને ઉપશમ એવા બે પદો છે અર્થાત્ મિથ્યાત્વમોહનીયના ક્ષય અને ઉપશમવડે જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તે ક્ષયોપશમસમ્યગ્દર્શન કહેવાય. ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય અને ઉદયમાં નહિં આવેલા મિથ્યાત્વનો ઉપશમ એ ઉભય અવસ્થા જે સમ્યક્ત્વમાં વર્તતી હોય તેનું નામ શાસ્ત્રકારોએ ક્ષયોપશમસમ્યગ્દર્શન કહ્યું છે.

**શંકા:**—અગાઉ જે ઉપશમસમ્યક્ત્વનું સ્વરૂપ કહેવામાં આવ્યું તેમાં પણ ઉદયમાં આવેલા મિથ્યાત્વદલિકોનો ક્ષય થયો છે અને ઉદયમાં નહિં આવેલા મિથ્યાત્વદલિકોનો ઉપશમ થયો છે, ક્ષયોપશમનું સ્વરૂપ પણ એ પ્રમાણે જ જો હોય તો ઉપશમસમ્યગ્દર્શન અને ક્ષયોપશમસમ્યગ્દર્શનમાં તફાવત શું?

**સમાધાન:**—ઉપર જણાવેલ ઉપશમ તથા ક્ષયોપશમની સામાન્ય વ્યાખ્યા માત્રથી બાલજીવોને તે બન્ને સમ્યગ્દર્શનમાં યદ્યપિ તફાવત ન ભાસે, પરંતુ જ્ઞાની મહર્ષિઓએ શાસ્ત્રોમાં પ્રદર્શિત કરેલા વિશેષ વિચારો ધ્યાનમાં લેવાય તો તે ઉપશમ–ક્ષયોપશમસમ્યગ્દર્શનનો તફાવત જરૂર ખ્યાલમાં આવી શકે છે. શ્રી ધર્મસંગ્રહણી ગ્રન્થ અને તેની ટીકામાં આ બાબતનો સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે, જે આ પ્રમાણે:—

"मिच्छत्तं जमुइन्नं तं खीणं अणुदियं च उवसंतं ।
मीसीभावपरिणयं वेइज्जंतं खओवसमं ॥ १ ॥"

**ભાવાર્થ:**—જેટલા મિથ્યાત્વમોહના દલિકો મિથ્યાત્વસ્વભાવે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થઇ ઉદયમાં-ભોગવટામાં આવ્યા તેટલા પ્રમાણથી તે મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષય

---

તાનો પ્રાદુર્ભાવ નથી હોતો. મમતા છોડવાને માટે કહ્યું છે કે—

" अनित्यं संसारे भवति सकलं यन्नयनगम् ।"

અર્થાત્ નેત્રથી આ સંસારમાં જે કાંઇ જોવામાં આવે છે તે સર્વ અનિત્ય છે-ક્ષણભંગુર છે, એવી અનિત્ય ભાવના અને એ પ્રકારે બીજી અશરણાદિ ભાવના ભાવવી જોઇએ. આ ભાવનાઓનો વેગ જેમ જેમ પ્રબળ થતો જાય છે તેમ તેમ મમત્વરૂપી અંધકાર ક્ષીણ થતો જાય છે અને સમતાની દેદીપ્યમાન જ્યોતિ ઝગમગવા લાગે છે. જ્યારે સમતાનો આત્મામાં પ્રાદુર્ભાવ થતો જાય છે ત્યારે સુખ-દુ:ખ સમાન લાગે છે અને મનુષ્યમાં પ્રબળ શાંતિ વિરાજે છે

[ ઉદ્ધરિત **'અનેકાંત'** ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો, જે દલિકો ઉદયમાં નથી આવ્યા તેમાંથી કેટલાક દલિકો ઉપશાન્તભાવને પામ્યા, એટલે કે જે મિથ્યાત્વમોહનીય કર્મ મિથ્યાત્વસ્વભાવે ઉદયમાં આવતું હતું તે ઉદય અટકાવી મિથ્યાત્વના રસને દૂર કરી મદનકોદ્રવના ઉદાહરણથી તે મિથ્યાત્વના દલિકોમાંથી અમુક અંશ શુદ્ધ બનાવ્યો, જેનું શુદ્ધપુંજ અથવા સમ્યક્ત્વમોહનીય એવું નામ આપ્યું. ઉપર જણાવેલી ગાથાની ટીકામાં પૂ. શ્રી મલયગિરિ મહારાજા એ આશયને જ સ્પષ્ટ કરે છે. જે આ પ્રમાણે—'उपशान्तं नाम विष्कम्भितोदयमपनीतमिथ्यात्वस्वभावं च, तत्र विष्कम्भितोदयं — भस्मछन्नाग्निरिवानुद्रिक्तावस्थं, अपनीतमिथ्यात्वस्वभावं—मदनकोद्रवोदाहरणेनापादितसम्यक्त्वस्वभावम् ' ટીકાના આ પ્રતીકમાં ઉપશાન્ત પદના બે અર્થ કર્યા અર્થાત્ ઉપશાન્તથી બે વસ્તુ લેવાની જણાવી, એક તો વિષ્કમ્ભિતોદય અને બીજું અપનીતમિથ્યાત્વસ્વભાવ. વિષ્કમ્ભિતોદય એટલે રાખથી* ઢંકાયેલ અગ્નિની માફક (પ્રગટપણે–વિપાકથી) ઉદયને અટકાવવો, અર્થાત્ ઉપશમસમ્યક્ત્વ અવસ્થામાં મિથ્યાત્વના દલિકોનો પ્રદેશથી તેમ જ વિપાકથી અનુદય–ઉદયાભાવ હોય છે તે પ્રમાણે ઉદયાભાવ ન સમજતાં ફક્ત પ્રગટપણે વિપાકથી ઉદયાભાવ સમજવો, પરંતુ પ્રદેશથી તો ઉદય ચાલુ જ હોય તેમ સમજવું. પ્રદેશોદય તેને જ કહેવાય કે 'જે કર્મ જે રૂપે બંધાયું હોય તે રૂપે ઉદયમાં ન આવતાં પોતાનું નામ કાયમ રાખીને સમાનકાલાવચ્છિન્ન સજાતીય કર્મરૂપે ઉદયમાં આવી પોતાનું ફલ આપ્યા સિવાય ભોગવાય.' ક્ષયોપશમસમ્યગ્દર્શનમાં દર્શનસપ્તક પૈકી સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય અવશ્ય હોય જ છે. ક્ષયોપશમસમ્યક્ત્વ અને સમ્યક્ત્વમોહનીયનો ઉદય એ બન્નેનો અન્વયવ્યતિરેક સંબંધ છે. ક્ષયોપશમસમ્યક્ત્વ હોય ત્યાં સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય અવશ્ય હોય, જ્યાં સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય હોય ત્યાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ અવશ્ય હોય, ક્ષયોપશમસમ્યક્ત્વ ન હોય તો સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય ન હોય અને સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય ન હોય તો ક્ષયોપશમસમ્યક્ત્વ પણ ન હોય. એ પ્રમાણે અન્વયવ્યતિરેક સંબંધ ઘટાવવો. તત્ત્વ એ આવ્યું કે ક્ષયોપશમસમ્યક્ત્વાવસ્થામાં સમ્યક્ત્વમોહનીય- (શુદ્ધપુંજ)નો વિપાકોદય અવશ્ય હોય છે. જે વખતે સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય ચાલે છે તે વખતે મિથ્યાત્વમોહનીય (અશુદ્ધપુંજ) અને મિશ્રમોહનીય (અર્ધશુદ્ધપુંજ)નો પ્રદેશોદય પણ ચાલુ છે, એટલે કે મિથ્યાત્વ તથા મિશ્ર એ બન્નેના દલિકો પોતાનું ફળ–પોતાનો સ્વભાવ પ્રગટ કર્યા સિવાય

* રાખથી ઢંકાએલ અગ્નિ ઉપરથી પ્રગટપણે અગ્નિનો અનુભવ ન આપે પરંતુ અન્તર્ગત અગ્નિ પ્રજ્વલિત હોય, એ પ્રમાણે મિથ્યાત્વના દલિકો વ્યક્તપણે પોતાનો સ્વભાવ જે વિપરીત દૃષ્ટિપણું તે પ્રગટ કરે, પરંતુ અન્તર્ગત પ્રદેશોદયદ્વારા નિર્જરા ચાલુ જ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજાતીય સમ્યક્ત્વમોહનીયરૂપે ભોગવાય છે, અને એ કારણથી જ ટીકાકાર ભગવંતે 'विष्कम्भितोदयम्' એ પદની સાથે अपनीतमिथ्यात्वस्वभावम् એ વિશેષણાત્મક પદ આપ્યું છે. આ બધાયનો સારાંશ એ થયો કે ક્ષયોપશમ સમ્યક્ત્વમાં મિથ્યાત્વનું ઉપશાન્તપણું વિપાકોદયની અપેક્ષાએ સમજવું, નહિં કે ઉપશમસમ્યક્ત્વની માફક વિપાકોદય તથા પ્રદેશોદય એ ઉભય અપેક્ષાએ. વળી 'अपनीतमिथ्यात्वस्वभावम्' એ પદથી એ પણ ધ્યાનમાં લેવાનું છે કે ક્ષયોપશમસમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહનીયના દલિકોનો જે વિપાકોદય ચાલુ છે તે દલિકો વસ્તુતઃ મિથ્યાત્વનાં જ છે, કારણ કે બંધમાં કેવલ મિથ્યાત્વમોહનીય જ ગણાવ્યું છે, સમકિતમોહનીય તથા મિશ્રમોહનીયને ઉદયમાં ગણાવ્યા છે, પણ બંધમાં ગણાવ્યા નથી. ફક્ત આત્મામાં ઉત્પન્ન થયેલ અપૂર્વકરણાનુભવ કિંવા અંતરકરણાનુભવાદિજન્ય અધ્યવસાયોની વિશુદ્ધિને અંગે એ મિથ્યાત્વદલિકોમાંથી જિનપ્રણીતતત્ત્વો ઉપર રુચિ થવામાં બાધક થનાર મિથ્યાત્વ (મલિન) રસને દૂર કરી તે દલિકોને શુદ્ધ બનાવ્યા અને તેનું નામ સમ્યક્ત્વમોહનીય આપ્યું. જગતનો સામાન્ય નિયમ છે કે 'માણસ પોતે જેવો હોય તેવો પ્રાયઃ બીજાને બનાવવાનો યત્ન કરે' એ રીતિએ સમ્યક્ત્વમોહનીયના વિપાકોદયવાળો ક્ષયોપશમ સમકિતવંત આત્મા પણ ગુણસંક્રમવડે મિથ્યાત્વ તથા મિશ્રના દલિકોને શુદ્ધ-સમકિત મોહનીયના પુંજરૂપે બનાવતો જાય અને ઉદયાવલિકાગત જે મિથ્યાત્વ તથા મિશ્રના દલિકો છે તેમાં કોઇ પણ કરણ ન લાગતું હોવાથી તે દલિકોના નામોમાં કોઇ પણ પ્રકારનો ફારફેર કર્યા સિવાય બળવત્તર ઉદયવાળા સમ્યક્ત્વ મોહનીયના પુંજ સાથે પ્રદેશોદયથી ભોગવતો જાય. કદાચ અહિં શંકા થાય કે-મિથ્યાત્વમિશ્રનો ઉપર જણાવ્યા પ્રમાણે સમ્યક્ત્વમોહનીયના વિપાકોદય સાથે પ્રદેશથી ભોગવટો થાય તો પોતાનામાં અશુદ્ધ-અર્ધશુદ્ધરસનું વિદ્યમાનપણું છતાં તેને લાયક વિકાર તે બન્ને કેમ પેદા ન કરે? તો તે શંકાના સમાધાનમાં સમજવું જોઇએ કે-કેળાનું જે માણસે ભક્ષણ કર્યું છે તે માણસને કેળાંનો વિકાર થવાનો સંભવ છતાં એલચી વિગેરે પદાર્થો તે ઉપર ઠીક પ્રમાણમાં વાપરવાથી જેમ વિકાર થઈ શકતો નથી તે પ્રમાણે મિથ્યાત્વ-મિશ્રના પ્રદેશોદયમાં બન્નેનાં રસનું અવસ્થિતપણું હોવા છતાં સમ્યક્ત્વમોહનીયના પ્રબલ ઉદયમાં તે બન્નેનો વિકાર લેશ પણ અનુભવમાં આવતો નથી. આટલા વિસ્તૃત વિવેચનથી નિષ્કર્ષ એ આવ્યો કે સામાન્ય વ્યાખ્યા, ઉપશમ તથા ક્ષયોપશમ સમ્યગ્દર્શનની લગભગ સરખી દેખાતી હોવા છતાં તે બન્નેના સ્વરૂપમાં ઘણો જ તફાવત છે. આ સિવાય ઉપશમસમ્યક્ત્વ તથા ક્ષયોપશમસમ્યક્ત્વમાં બીજા પણ ઘણા તફાવતો છે, જેની સંક્ષિપ્ત નોંધ અહિં આપવી ઉચિત લાગવાથી તે બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૧. ઉપશમસમ્યગ્દર્શનમાં (દર્શનપંચક અથવા) દર્શનસપ્તક પૈકી દરેકનો પ્રદેશોદય તથા વિપાકોદય ન હોવાથી આ સમ્યક્ત્વ આત્મિક સમ્યક્ત્વ છે. | ૧. ક્ષયોપશમ સમ્યક્ત્વમાં એકનો વિપાકોદય તથા છ નો પ્રદેશોદય સતત ચાલુ હોવાથી આ સમ્યક્ત્વ પૌદ્ગલિક સમ્યક્ત્વ છે. |
| ૨. ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ અન્ત મુંહૂર્ત્તનો જ છે. | ૨. ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉ૦ કાળ છાસઠ સાગરોપમથી કાંઇક અધિક છે. |
| ૩. ભવચક્રમાં પરિભ્રમણ કરતાં જીવને ઉપશમસમકિત અનાદિ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ એક વાર તથા ચાર વાર ઉપશમશ્રેણિની અપેક્ષાએ એમ એકંદર પાંચ વખત પ્રાપ્ત થાય છે. | ૩. ક્ષયોપશમસમ્યક્ત્વને ભવચક્રમાં પરિભ્રમણ કરતો જીવ સમગ્ર ભવોની અપેક્ષાએ અસંખ્ય વાર પ્રાપ્ત કરે છે. |
| ૪. ઉપશમ સમ્યક્ત્વના ૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧ અર્થાત્ ચોથાથી અગિયાર સુધી એમ એકંદર આઠ ગુણસ્થાનકો છે. | ૪ ક્ષયોપશમ સમ્યગ્દર્શનના ૪-૫-૬-૭ એમ ચોથાથી સાત સુધી કુલ ચાર ગુણસ્થાનકો જ હોય છે અર્થાત્ આ ચાર ગુણસ્થાનક સિવાય બાકીના ગુણસ્થાનકોમાં આ સમ્યક્ત્વ હોતું નથી. |
| ૫. ઉપશમસમકિત પરભવમાં આત્માની સાથે જનારું નથી. | ૫ ક્ષયોપશમ સમકિત પરભવમાં આત્માની સાથે જઇ શકે છે. |
| ૬. ઉપશમસમ્યક્ત્વમાંથી સીધે સીધું ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી પણ ક્ષયોપશમ પામવાપૂર્વક જ ક્ષાયિક થાય છે. | ૬. ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાંથી આત્મા દર્શનસપ્તકનો ક્રમશઃ ક્ષય કરતો કરતો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. |
| ૭. કર્મોદયની દૃષ્ટિએ ઔપશમિક સમ્યક્ત્વ વિશુદ્ધ છે અને અલ્પકાળ વિગેરે કારણે મલિન છે. | ૭. ક્ષયોપશમ સમ્યક્ત્વ કર્મોદયની અપેક્ષાએ મલિન છે અને દીર્ઘકાળાદિની અપેક્ષાએ વિશુદ્ધ છે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત ઉપશમસમ્યક્ત્વમાં વર્તતો આત્મા આયુષ્યનો બન્ધ ન કરે, ક્ષયોપશમ સમકિતમાં વર્તતો આત્મા દેવાદિ પરભવાયુનો બંધ કરે છે ઇત્યાદિ ભેદો કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, કર્મગ્રન્થ વિગેરે શાસ્ત્રોથી જાણી લેવા.

**શંકા**–ક્ષાયોપશમિકસમ્યક્ત્વ ઉપર જણાવ્યા પ્રમાણે તત્ત્વભૂત પદાર્થોનું શ્રદ્ધાન કરાવનાર છે તો તે ક્ષાયિક સમ્યક્ત્વનું આવરણ કેવી રીતે બને? અર્થાત્ ઉપર કહેવામાં આવ્યું કે 'જ્યાં સુધી ક્ષયોપશમ હોય ત્યાં સુધી ક્ષાયિક સમકિત પ્રાપ્ત ન થાય' એ કેમ બને? અથવા તે ક્ષયોપશમસમકિત જો મિથ્યાત્વ સંબંધી શુદ્ધ પુદ્ગલોના ઉદયથી ઉત્પન્ન થયેલું હોઇ મિથ્યાત્વજાતિનું માનવાપૂર્વક ક્ષાયિક સમકિતનું બાધક છે એમ કહેતા હો તો મિથ્યાત્વજાતિના સમકિતથી આત્મધર્મરૂપ તત્ત્વશ્રદ્ધા કેમ પ્રગટ થાય?

**સમાધાન**—જેમ બારીક અબરખની ચીમનીમાં રહેલી દીપકની જ્યોતિ પ્રકાશ કરે છે અને તે અબરખ દૂર કર્યે છતે તે દીપક જ્યોતિ સર્વ તેજવડે અધિક પ્રકાશ વિસ્તારે છે; અથવા મલિન વસ્ત્રમાં રાખેલ મણિ વસ્ત્રના મલિનપણાને અંગે પોતાની કાન્તિ જો કે પ્રગટ કરી શકતું નથી પરંતુ તે જ વસ્ત્ર શુદ્ધ થાય અને તેમાં મણિ રાખેલ હોય તો વસ્ત્રનું આવરણ છતાં આવરણની શુદ્ધિને અંગે અમુક અંશે મણિની કાંતિ પ્રગટ થાય છે અને એ શુદ્ધ વસ્ત્રના આવરણને પણ દૂર કરવામાં આવે એટલે તે જ મણિ સંપૂર્ણપણે જેમ પ્રભાનો વિસ્તાર કરે છે તે પ્રમાણે મલિન એવા મિથ્યાત્વ પુદ્ગલો પણ રસાપવર્ત્તનાદિવડે ક્ષાયોપશમિકપણું* પામ્યે છતે કાંઇક અપ્રગટપણે આત્મધર્મરૂપ તત્ત્વશ્રદ્ધાન શીઘ્ર પ્રગટ થાય છે અને ક્ષાયોપશમિકપણાનો નાશ થાય ત્યારે આત્મધર્મરૂપ સમ્યક્ત્વ સંપૂર્ણપણે પ્રગટ થાય છે. જે માટે ભાષ્યકાર મહારાજા જણાવે છે કે--

सो तम्स विसुद्धयरो, जायइ सम्मत्तपोग्गलक्खयओ।
दिट्ठिव्व सण्हसुद्धब्भपडलविगमे मणुसम्स ॥ १ ॥

**ભાવાર્થ**:— બારીક અને શુદ્ધ અબરખના પડલોનો વિનાશ થતાં મનુષ્યની દૃષ્ટિની માફક સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલના ક્ષયથી જીવને તે સમ્યક્ત્વ વધારે શુદ્ધ થાય છે.

(ચાલુ)

*મિથ્યાત્વનો પ્રદેશોદય અને સમ્ય.પુંજનો રસોદય વર્તતાં દર્શનમોહનીયનો ક્ષયોપશમભાવ જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિ શ્રી હરિચંદ્રવિરાચત

# ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ (સટીક)

( ગતાંક પૃષ્ઠ ૧૯૯ થી શરૂ )

ઉપજાતિવૃત્ત

સુવર્ણના કુંભની શોભવંતી, જ્યાં ઉચ્ચ હર્મ્યે સિત વૈજયંતી;
શંકા કરાવે જનને જુઓની ! પદ્મો ભર્યાં વ્યોમ નદી પૂરોની. ૬૮
પ્રભા નીલા રત્નમયી ભિંતોની, નભસ્તલે વ્યાપ્ત થતાં,-નિશાની;
ભ્રાંતિથી ઝૂરે જહિં ચક્રવાકી, દિને ય વાપી-તટમાં બિચારી ૬૯
વાયુથી ચાલંતી ધ્વજાંગુલીએ, તર્જિત જાણે થઈને જ સેવે;
દિગ્પાલના પત્તન ચાર જેને, વિશાળ શાખાપુરના બહાને. ૭૦
જ્યાં રત્ન-ઈંડાથકી શોભનારા, સહસ્રશૃંગી જિનધામ સારા;
જાણે દીસે દેહ ધરેલ શેષે, તે દેખવા નીકળી બ્હાર હર્ષે. ૭૧
પાતાલથી જ્યાં સરમાં સુધાની, સિરા હજારો ફુટતી મઝાની;
તેથી જ ત્યાં માનું રસાધિકત્વ, છોડે નહીં ભોગી ય નિકટત્વ. ૭૨
મંથાચલે આમૂલ મંથવાથી, જેને મળ્યો કૌસ્તુભ એક સાર;
તે અબ્ધિ 'રત્નાકર' થાત શાને, એને ન જો સેવત ખાઇ બ્હાને ? ૭૩

---

૬૮. જે રત્નપુરમાં, ઊંચા મહાલયોના શિખરે, સુવર્ણકુંભની શોભાથી યુક્ત એવી શ્વેત પતાકાઓ, પદ્મયુક્ત આકાશગંગાના પુરની શંકા કરાવે છે!–**ઉત્પ્રેક્ષા અલંકાર.**

૬૯. નીલ રત્નોની ભિંતોની પ્રભા આકાશતલમાં વ્યાપ્ત થતાં, જ્યાં રાત્રિની ભ્રાંતિથી, દિવસે પણ, ચક્રવાકી બિચારી વાપી-તટે ઝૂરી રહે છે!-**ભ્રાંતિમાન અલંકાર.**

૭૦. વાયુથી ફરફરતી ધ્વજરૂપ અંગુલીઓવડે તર્જિત-તિરસ્કૃત થઇ, જાણે દિગ્પાલોના ચાર નગર, જે પુરને મોટા શાખાપુરના ( ઉપનગર-પરાં ) બ્હાને સેવી રહ્યા છે!—( તે પુરની ચારે દિશાએ ચાર મોટાં પરાં આવેલા છે. )-**ઉત્પ્રેક્ષા.**

૭૧. જ્યાં રત્નના ઇંડાથી શોભતા હજાર શિખરવાળા જિનમંદિરો છે, તે જાણે ભૂતલમાંથી બ્હાર નીકળી શેષનાગે હર્ષથી તે પુર જોવાને માટે દેહ ધારણ કર્યા હોયની! એવા જણાય છે. —**ઉત્પ્રેક્ષાલંકાર.**

૭૨. જ્યાં સરસીઓમાં પાતાલતલમાંથી અમૃતની હજારો સિરાઓ ફૂટે છે, તેથી જ હું માનું છું કે તેમાં રસનું અધિકપણું છે, અને ભોગીવર્ગ તેનું પડખું છોડતો નથી.—**ઉત્પ્રેક્ષા.**

**ભોગી—શ્લેષ:** ( ૧ ) નાગ, ( ૨ ) વિલાસી.

૭૩. મંથાચલવડે મૂળ સુધી મંથન કરવાથી જેને સારભૂત માત્ર એક કૌસ્તુભ રત્ન મળ્યું હતું તે સમુદ્ર, જો એ પુરને ખાઇ બ્હાને ન સેવત, તો એ 'રત્નાકર' ( રત્નખાણ ) કેમ થાત ?–**અતિશયોક્તિ** અને **અપહ્નુતિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાથી કૌસ્તુભ હરાવનારા, જાણે શ્રીના ક્રીડન-શૈલ સારા;
એવા જવલંતા મણિસ્તૂપ ભાળી, વ્યાપારીઓ જ્યાં દૂરથી ય આવે. ૭૪
પદે પદે જ્યાં પરઅર્થનિષ્ઠ, રસસ્થિતિ દર્શાતી કાંઈ મિષ્ટ;
વેશ્યા કવિવાણીની જેમ ચિત્તે, કોને કરાવે ન પ્રમોદ પ્રીતે? ૭૫
જ્યાં સંગીતારંભ મૃદંગ વાગે, કૈલાસ શા તે ઝરુખા જ લાગે;
વારિહીણા ગર્જત અંબુદોની, વિડંબના શું કરતા જુઓની! ૭૬
જ્યાં વ્યોમમાં ખિન્ન જ મિત્ર પ્રત્યે, રણંત કિંકિણિ રવે વદંતી;
પ્રાસાદની પંક્તિ શું વાયરાથી, વિંઝે ફરંતા ધ્વજ-વિંઝણાથી! ૭૭
હારાવલી-નિર્ઝરયુક્ત તુંગ, પામી જ કાંતા સ્તનશૈલ દુર્ગ;
નિઃશંક જ્યાં ત્ર્યંબકથી ય કામ, થયો ત્રિલોકે વિજયી પ્રકામ. ૭૮
જ્યાં ભંગ કેશે, તરલત્વ આંખે, સરાગતા નો'ય જ ઓષ્ઠ પાખે;
ને સુદૃશોના મુખ વિણુ કયાંય, જાણું જ દોષાકરની ન છાંય. ૭૯
રાત્રે તમઃવ્યાપ્ત અગાશીઓમાં, અશ્વેત વસ્ત્રો સજતી સ્ત્રીઓના;
મુખોથકી જ્યાં નભશ્રી સુહાય, નવેંદુમાલાથી ભરી કરાય. ૮૦

---

૭૪. કાંતિવડે કૌસ્તુભને જીતનારા, અને જાણે લક્ષ્મીના ક્રીડાપર્વતો હોયની! એવા ઝગઝગતા રત્નરાશિ જોઇને, જ્યાં વ્યાપારીઓ દૂરદૂરથી પણ આવે છે.-**વ્યતિરેક** અને **ઉત્પ્રેક્ષા**,

૭૫ પદે પદે જ્યાં પરઅર્થમાં નિષ્ઠ, અને કંઇ અવાચ્ય રસસ્થિતિ દર્શાવતી એવી વેશ્યા, જ્યાં કવિવાણીની જેમ કોના મનને આનંદ ઉપજાવતી નથી?-**ઉપમા-શ્લેષ.**

**પદે પદે**=(૧) કવિ પક્ષે-વાકયે-વાકયે, ( ૨ ) પગલે-પગલે.

**પર અર્થ**=(૧) કવિ પક્ષે-પરમાર્થ, ઉત્કૃષ્ટ અર્થ, (૨) પારકું ધન.

**રસ**=(૧) કવિ પક્ષે-નવરસમાથી કોઇ. (૨) શૃંગારસપ્રધાન.

૭૬. જ્યાં સંગીતારંભે મૃદંગ વાગી રહ્યા છે, એવા કૈલાસ જેવા ઝરુખાઓ, ગર્જના કરતા નિર્જલ મેઘવૃંદોની વિડંબના-અનુકરણ કરી રહ્યા છે! -**ઉપમા.**

૭૭. જ્યાં આકાશમાર્ગમાં થાકી ગયેલા મિત્ર (સૂર્ય અથવા દોસ્ત) પ્રત્યે રણઝણતી ઘૂઘરીઓના અવાજથી વાર્તાલાપ કરી, પ્રાસાદપંક્તિ જાણે વાયરાથી ફરફરતા ધ્વજરૂપ વિંઝણાવડે તેને વિંઝે છે!—**ઉત્પ્રેક્ષા.** આશયઃ—પ્રાસાદો એટલા ઊંચા છે કે તે જાણે મિત્રના ( સૂર્યના ) મિત્ર બન્યા છે, અને તેથી જ ઉક્ત રીતે મિત્રકાર્ય થાકેલા સૂર્ય માટે કરે છે!

૭૮. હારરૂપ ઝરણાંઓથી યુક્ત એવા કામિનીના સ્તનરૂપ ઊંચા દુર્ગનો આશ્રય કરી કામ જ્યાં ત્રિનેત્ર-મહાદેવથી પણ નિઃશંક થઇને, ત્રણે લોકમાં અત્યંત વિજયી થયો છે.—**રૂપકાલંકાર.**

૭૯. જ્યાં કેશમાં જ ભંગ છે, આંખમાં જ તરલપણું-ચંચલપણું છે, ઓષ્ઠમાં જ સરાગતા-રક્તપણું-રતાશ છે, અને સુંદરીઓના મુખ સિવાય અન્યત્ર કયાંય દોષાકરની (ચંદ્ર અથવા દોષની ખાણ) છાંય પણ નથી. **પરિસંખ્યાલંકાર**—અન્યત્ર કયાંય ભંગ-ભાંગવું-હારી જવું નથી; તરલપણું-વૃત્તિનું ચંચલપણું નથી; સરાગતા નથી; દોષની છાંયા પણ નથી.

૮૦. રાત્રે જ્યાં અંધકારથી વ્યાપ્ત અગાસીઓમાં, નીલ વસ્ત્રો ધારણ કરતી સ્ત્રીઓના મુખવડે, આકાશ-લક્ષ્મી નવા ઉદય પામેલા ચંદ્રોની શ્રેણીથી ભરી દેવામાં આવે છે.—**અતિશયોક્તિ અલંકાર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" મ્હારા હયો ઊર્દ્વ રથેથી અત્ર, પ્રાકાર આરોહણમાં ન શક્ત; "
એવું ગણી જેહ વિલંઘવાને, ભાનુ ભજે પશ્ચિમ-પૂર્વ જાણે ! ૮૧
નીલા મણિના ઝરુખાની જાળી, આલંબતા ચંદ્ર-કરો નિહાળી;
વંચિત જ્યાં મુગ્ધ વધૂ બને છે, હારાવચૂલેય ન વિશ્વસે છે ! ૮૨
ઊર્ધ્વારૂઢા જોઈ વધૂ મુખેંદુ, જાણે જતો બ્રહ્મ સમીપ ઈંદુ;
જ્યાં ઉચ્ચ પ્રાસાદની ચૂલિકાથી, જઇ રહ્યો નમ્ર થઇ જ તેથી. ૮૩
હિમાદ્રિ જેવા સુવિશાલ શાલ-, નિતંબમાં ધારતું મેઘમાલ;
જે રાજધાની જીતવા સુરોની, રાજે ધરી પક્ષ ઊડી રહ્યુંની ! ૮૪

માલિની

'અગુરુ' ઇમ પ્રસિદ્ધિ દ્રવ્ય સુગંધીમાં જ, સતત અવિભવો યે દશ્ય છે મેષમાં જ;
ફલસમય વિરુદ્ધ જ્યાં વિના વૃક્ષ ક્યાંય, કદી પણ ન જ કોઇ કોઇને દષ્ટ થાય. ૮૫

વસંતતિલકા

અંતઃસ્થ ખ્યાતિયુત રાજથી રાજનારો, જ્યાં પ્રાંતભૂમિ વિંટતો દઢ કોટ સારો;
શત્રુતણા પ્રલયને જ પ્રકાશનારો, સંપૂર્ણ ઈંદુ પરિવેષ શું ભાસનારો. ૮૬

॥ इति रत्नपुरवर्णनो नाम प्रथमः सर्गः ॥

—ડો. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા. એમ. બી. બી. એસ.

---

૮૧. " મારા અશ્વો ઊર્ધ્વગામી રથથી અહીંનો કિલ્લો ચઢવા સમર્થ નથી." એમ જાણીને સૂર્ય જેને ઉલ્લંઘવાને જાણે પૂર્વ-પશ્ચિમ દિશાનો આશ્રય કરે છે !—ઉત્પ્રેક્ષા

૮૨. નીલ રત્નમય ઝરુખાઓની જાળીને આલંબતા ચંદ્રકિરણોથી છેતરાઇને જ્યાં મુગ્ધ વધૂઓ હારની ઝૂલમાં પણ વિશ્વાસ કરતી નથી !—**ભ્રાંતિમાન્ અલંકાર.**

૮૩. ઊંચે ચઢેલી વધૂઓના મુખચંદ્ર જોઇને, જાણે બ્રહ્મા પાસે જતો ચંદ્ર (મારા કરતાં ચઢિયાતા મુખચંદ્ર કેમ બનાવ્યા તેની જાણે ફરિયાદ કરવા) જ્યાં પ્રાસાદોના અગ્રભાગથી નમ્ર (નીચો) થઇને જઇ રહ્યો છે ! નમ્રપણું તેનો લઘુત્વભાવ પ્રદર્શિત કરે છે.—ઉત્પ્રેક્ષા

૮૪. હિમાલય જેવા ઊંચા વિશાળ કિલ્લાના મધ્યભાગે મેઘમાલા ધારણ કરતું જે પુર, જાણે પાંખ ધારણ કરી દેવોની રાજધાની જીતવા ઊડતું હોયની ! એવું શોભે છે.—તાત્પર્યઃ નગરની શોભા ઊડીને આંખે વળગે એવી છે.—ઉત્પ્રેક્ષા

૮૫. 'અગુરુ' એવી પ્રસિદ્ધિ તો સુગંધી દ્રવ્યમાં જ છે, અન્યત્ર તો કોઇ અગુરુ-ગુરુજન રહિત નથી અથવા અગૌરવવંત નથી; અવિભવ (અવિ=મેષ-મેષમાંથી ઉત્પન્ન થયેલ) તો સદા ય મેષમાં જ જોવામાં આવે છે; બાકી તો ક્યાંય અવિભવ-વૈભવ રહિત કોઇ જોવામાં આવતું નથી; અને ફલસમય વિરુદ્ધ (વિ=પક્ષી, તેથી રુંધાયેલા) પક્ષીથી રુંધાયેલા વૃક્ષ સિવાય, કોઇ પણ કોઇને કદી પણ ક્યાંય ફલસમયથી વિરુદ્ધ-પ્રતિકૂળ દેખાતું નથી-અર્થાત્ સર્વ વસ્તુ યથાવત્ ફલિભૂત થાય છે. એવું તે નગર છે.—**પરિસંખ્યા અલંકાર.**

૮૬. અંદર રહેલા પ્રસિદ્ધ રાજાથી (નૃપ અથવા ચંદ્ર) શોભતો, પ્રાંતભૂમિને વિંટી રહેલો અને શત્રુઓના વિનાશને સૂચવતો એવો કિલ્લો જ્યાં ચંદ્રના પરિવેષ જેવો ભાસે છે.—**ઉપમાલંકાર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા ]

લેખક : **મુનિશ્રી હંસસાગરજી મહારાજ**

( ગતાંક પૃષ્ઠ ૨૨૪ થી શરૂ )

## અપૂર્વ ભોગોને આપનાર પણ વિદ્યા જ છે

શીતઋતુની સખ્ત ઠંડી, ગ્રીષ્મના તીવ્ર તાપ અને વર્ષાનાં ભયંકર વાવાઝોડાંને પણ ગણકાર્યા વિના, સ્થળ કે જળમાર્ગની પરવા કર્યા વિના, દેશ કે પરદેશને ગણ્યા વિના, વાહન કે ઉપાનહ વિના, વસતિ કે વેરાન પ્રદેશની પરવા વિના, સપાટ કે ઘોર ઝાડી-વાળા જંગલને ધ્યાનમાં લીધા વિના, ચોર, ચર કે ચિત્રા, વાઘ,વરુ કે વાનરનો ભય તજી, ઘરબાર તજી, કુટુંબ–કબીલો તજી, હાટ-હવેલી તજી, ન્હાવું–ધોવું તજી, ખાવું-પીવું તજી, એશઆરામ તજી, માન-મર્યાદા તજી, લાજશરમ તજી, કુળને અને શીલાચાર ખુંદીને તેમજ ન્યાય,નીતિ અને ધર્મ પણ પ્રાયઃ છુંદી છેવટ શારીરિક રક્ષણોપાયની પણ ઉપેક્ષા કરીને અહોરાત્રના સતત ઉજા-ગરાદ્વારા જે ભોગો મેળવવા જગત્ ઘેલું બન્યું રહે છે, એથી ય સુંદર બલ્કે દૈવી પણ ભોગોને વિદ્યાદેવી તો તથાપ્રકારના વિના પ્રયાસે જ પલ્લામાં નાંખે છે.

## વિદ્યા પોતાના સ્વામીનો યશ ચોમેર વિસ્તારે છે

કમળનાં વનમાં વાસ કરી વનને ઓપાવનારાં ખુશબોદાર કમળો પોતાની ચોતરફ પસરાયલી સુવાસદ્વારા ' દરેક વન કરતાં ય પોતાના માલીકના વનની વિશિષ્ટતાનો ખ્યાલ ' દૂર દૂર ફરતા ભ્રમરોના લક્ષ ઉપર આણીને તેને પોતાના માલીકના વનની સેવામાં રક્ત રહેવાની જેમ ફરજ પાડે છે, તેમ વિદ્વજ્જનોના હૃદયવનમાં વાસ કરતાં બહુ સ્વરૂપી વિદ્યારૂપ વિવિધ કમળો ' દુનિયાના દરેક પંડિતજનના હૃદયરૂપ વન કરતાં ય પોતાના માલીકના હૃદયવનની વિશિષ્ટતાનો ખ્યાલ ' પોતાની ચોમેર પ્રસરેલી તીક્ષ્ણ નિપુણતારૂપ ખુશબોદ્વારા દૂર–દૂર દેશાંતરે પણ વસતા વિદ્વજ્જનરૂપી વિદ્યાભ્રમરોના લક્ષ ઉપર સત્વર લાવીને તે તે વિદ્વાનોને પણ પોતાના માલીકની સેવામાં જ રક્ત રહેવાની ફરજ પાડનાર હોવાથી સ્વામીનો યશ પણ ચોમેર વિસ્તારનાર જો કોઇ પણ હોય તો તે વસ્તુતઃ વિદ્યા જ છે.

## અપૂર્વ અને સાચું સુખ વિદ્યા જ આપે છે

જેમ જગતના રમા અને રામા આદિ નાશવંત પદાર્થોમાં વિદ્વાન્ જન મોહ પામતો નથી તેમજ દેવ, ગુરુ અને ધર્મ-રૂપી શાશ્વત પદાર્થોને કદી ય તજતો નથી; આથી નાશવંત સંયોગોના વિયોગાન્તે એ અકળાતો નથી, મુંઝાતો નથી, ખેદ કરતો નથી. स तु यद्यत्संयोगस्तत्तद्वियोगायैव मन्यते–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"જે જે સંયોગ છે તે તે વિયોગને માટે જ છે એમજ વિદ્વાન તો માને છે." આથી પ્રાકૃત જનની માફક બાહ્ય પદાર્થોના સંયોગમાં એ થનથન નાચતો નથી તેમજ તેના વિયોગમાં આકુળવ્યાકુળ બની રોકકળ કરી મૂકતો નથી તેમજ એને આનંદ હોતો નથી. નશ્વર પદાર્થોના સંયોગમાં જેને આનંદની છોળો ઉછળે છે એનાં જ હૃદયો, એના વિયોગ વખતે સડસડિત બળે છે! પ્રજ્વળે છે! જે પદાર્થો પોતાના ન હોઈ રાખવા જેવા જ નથી તે સ્વયં ચાલ્યા જાય તેમાં મૂર્ખને જ ખેદ થાય છે, વિદ્વાન્ તો ચોક્કસ જ સમજે છે કે જે મારું છે તે કદી ય જવાનું નથી! જો આમ જ છે તો જે મારું જ નથી તે પ્રાપ્ત કે નષ્ટ થતાં શોક જ શું કામ ? એથી આગળ વધીને એ એટલી હદ સુધીની ઉત્તમ ભાવનાવાસિત હોય છે કે જે મારું નથી તે રાખવું જ શા માટે? આમ શુભ ભાવનારૂઢ બની પુણ્યોદયે પ્રાપ્ત થયેલા પણ ભોગ-પદાર્થોનો ક્ષણવિનાશી દેહના ભયે સન્માર્ગે સત્વર વ્યય કરીને થોકબંધ નૂતન પુણ્યોપાર્જન કરવાની તીવ્ર ચિંતામગ્ન હોય છે. વિદ્વાન્ જનની સેવા એના જીવનભરમાં ઓતપ્રોત હોય છે. આથી એ સિદ્ધ જ છે કે-કપરા સંયોગમાં પણ મૂકાયેલાને સમભાવરૂપી શીલતાની ઠંડી લહેરોમાં ઝુલાવીને અપૂર્વ અને અવિચ્છિન્ન સાચું સુખ આપનાર દુનિયામાં જો કોઈ પણ હોય તો તે વિદ્યા જ છે.

### વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે.

'મા-બા-ભૂ-પા' ભણવા બેઠેલાં કાલું-ઘેલું પણ ગાંડ-માંડ બોલતા બાળકને અનુક્રમે આગળ વધારી, વિદ્યાર્થીપણું છોડાવીને ઉત્તમ શિક્ષક બતાવનાર વિદ્યા જ છે. આથી ગુરુ પણ વિદ્યાના પ્રત્યે જ ગુરુ બનેલ હોવાથી વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે. બીજી વાત એ છે કે મનુષ્ય જ્યારે રાજા, પ્રધાન, દિવાન, કોઈપણ પંક્તિનો અમલદાર, સ્વામી કે શેઠ હોય ત્યારે તે પર પ્રતિહુકમનો દોર ચલાવવા સ્વતંત્ર હોવાથી તેને સ્વચ્છંદે અટકાવનાર કોઈ જ નથી. 'તાબાના સર્વ-જનો મારા દાસ જ હોવાથી તેઓ પ્રતિ ઇચ્છા મુજબ કોરડો ચલાવવાનો મને હક્ક જ છે.' આવી એના મૂર્ખ માનસમાં કારમી ધૂન હોય છે. આથી ન્યાય અને નીતિપંથનાં ખૂન કરીને પણ એ અન્યાયનું સામ્રાજ્ય ચલાવતો હોય, લોકોને નિષ્કારણ પીડતો હોય, દંડતો હોય, નિશદિન નવા-નવા કરવેરાદિવડે પ્રાણીઓનું જીવન ચૂસી લઈ નિરસ બનાવતો હોય, અનેક દુર્વ્યસનો સેવીને અનાચારનો પણ કારમો કેર વર્તાવી ત્રાય ત્રાય પમાડતો હોય, વિગેરે અનેક પાપાચરણોથી એની બુદ્ધિ જ પાપમય બની ગયેલી હોવાને લીધે એને સગવડતા સમજાઈને તે તે પાપાચરણો અતિશાણુપણથી જ થતાં સદાચરણરૂપે જ ભાસે છે! પરિણામે પોતે જ પોતાની જાતને સન્માર્ગે દોરી જઈ દુર્ગતિનું ભાજન બનતી અટકાવવાના પરમ ભાગ્યોદયથી ચ્યૂત થાય છે, દૂર ખસે છે અને દુર્ગતિનાં ભયંકર દુઃખોને નીરાધાર સહે છે. આ ભવમાં પણ એના પ્રતિ એનાં પાપજીવનની કાલીમાથી કકળી ઉઠેલ દયાળુ જનતાનાં પણ હૃદયનાં ઊંડાણનાં (હાર્ટફેલ, પ્લેગ, ન્યુમોનીયા, ક્ષય, રક્તપાત, શ્વાસ, દમ, ભગંદર અને રક્તપીતાદિ જીવલેણ દર્દોથી તેમજ મારી, મરકી, પાણી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિ, ભુજંગ, દેવ કે દાનવોથી પણ થતી ભયંકર ખુવારી પ્રતિ કરુણાભાવને બદલે અનિચ્છાએ પણ)માનસિક અનુમોદન હોય છે. આનું કારણ એ જ છે કે એને સન્માર્ગ-દર્શક કોઇ ગુરુ નથી. કહ્યું છે કે–

विना गुरुभ्यो गुणनीरधिभ्यो
धर्मं न जानाति विचक्षणोऽपि ।
आकर्णदीर्घोज्ज्वललोचनोऽपि,
दीपं विना पश्यति नान्धकारे ॥२१॥

**અર્થ:**—"મનુષ્ય ઘણો ય વિચક્ષણ હોય તો પણ ગુણના સમુદ્ર એવા ગુરુમહારાજા વિના તે ધર્મ(આત્માની ફરજ)ને જાણી શકતો નથી. જેમકે કર્ણપર્યન્ત લાંબાં એવાં વિશાળ નેત્રને પણ ધારણ કરવાવાળો મનુષ્ય અન્ધકારને વિષે આંખો ફાડી ફાડીને જોવા મથે તો પણ દીપકના પ્રબળ આલંબન વિના દેખી શકતો નથી." આ રીતે ગુરુમહારાજ અપૂર્વ ઉપકારી હોવાથી જ ગુરુની મહત્તા સર્વશ્રેષ્ઠ છે. ગુરુ વિષે अत्रिसंहिता अध्याय १, શ્લો૦૯માં તો ત્યાં સુધી કહી નાખેલ છે કે–

एकमप्यक्षरं यस्तु गुरुः शिष्ये निवेदयेत् ।
पृथिव्यां नास्ति तद्द्रव्यं यद्दत्त्वा ह्यनृणीभवेत् । २२

**અર્થ:**—"શિષ્યને જે એક પણ અક્ષર જણાવે તે તો ગુરુ છે, બલ્કે એક પણ અક્ષર શિષ્યને ભણાવનાર જે ગુરુ છે તે ગુરુને આપવા લાયક કોઈપણ દ્રવ્ય સમસ્ત પૃથ્વીમાં પણ નથી કે જેથી તે આપીને શિષ્ય ગુરુનો અનૃણી થાય." ગુરુનું મહોપકારીપણું જ માન્ય રાખીને એ ફરમાવ્યા પછી આગળ વધીને શ્લોક દશમામાં તો ગુરુનું બહુમાન નહિં કરનારને આવેશમાં કહી નાખે છે કે

एकाक्षरप्रदातारं, यो गुरुं नाभिमन्यते ।
शुनियोनिशतं गत्वा, चांडालेष्वपि जायते ॥२३॥

**અર્થ:**—"એક અક્ષર આપનાર ગુરુને જે માનતો નથી તે એક સો વખત શ્વાનની યોનિમાં ઉત્પન્ન થઈ ચાંડાલ કુલે પણ ઉત્પન્ન થાય છે." જો કે આવા સીધા પયગામ જૈન શાસન કદીય પાઠવતું નથી, કારણ કે તે પરિણતિની તીવ્રતા કે મંદતા પ્રમાણે આત્મા કર્મબંધ કરે છે તેમ માને છે. આથી ક્રૂર પરિણતિએ ગુરુમહારાજની અપભ્રાજના કરે તે તો તેથી ય અધોતર દુર્ગતિએ જાય, એ પણ સ્વતઃસિદ્ધ છે. ઉભયમાં પણ તાત્પર્ય તો એ જ છે કે–આ જગતમાં માતાપિતાદિ કોઇપણ સ્વજનો ગુરુ સમા ઉપકારી નથી જ. ઉપર્યુક્ત રીતે તેઓ રાજાના પણ રાજા હોવાથી તો મહારાજ (ગુરુમહારાજ) કહેવાય છે. આ પ્રમાણે રાજા, દીવાનાદિ કરતાં ય ગુરુમહારાજ તો મહાન્ હોદ્દાધારી જ છે એ વાતમાં બે મત હોઇ શકે જ નહિ અને છે પણ નહિ. એથી ગુરુમહારાજને તો સમસ્ત દુનિઆના પ્રાણીઓ પર હુકમ બજાવવાનો સ્વતંત્ર જ અધિકાર છે. આ અધિકારનો ગુરુમહારાજ રાજા-દીવાનાદિ અધિકારની માફક દુરુપયોગ જ કરે તો જગતમાંનું એક પણ ઘર કલહ વિનાનું બાકી રહે નહિ,એક પણ પ્રાણી સુખે ખાઈ-પીઈ કે સૂઈ-બેસી શકે નહિં, છતાં જગતના પ્રાણીઓ અન્ય અન્યના અધિકાર તળે ત્રાસ પામ્યા પછી શાન્તિનો છેલ્લો દમ તો આજે પણ ગુરુ-મહારાજને ચરણે આવ્યા પછી જ ખેંચી શકે છે. આનું કારણ એ જ કે પેલા હોદ્દેદારો કરતાં ગુરુમહારાજનો હોદ્દો પ્રથમ જ હોઇ વિદ્વત્તાપૂર્ણ છે. પેલા હોદ્દાઓમાં સામો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન માને તો સત્તાનો દોર છે, જ્યારે આ હોદ્દામાં તો ઊલટું આવનારને એના ભાવિ ઉપર છોડી દેવાય છે. તે બદલ કશી ય બળ-જબરી હોતી નથી. અરે ! પોતાની પાસે જ ભણીને વિદ્વાન થવા માંગતો હોવા છતાં ય એ વિદ્યાર્થી આપેલ ઉપદેશ વિરુદ્ધ વર્તે, શીખવાડ્યા મુજબ ન ભણે, સારું ન ભણે, લક્ષપૂર્વક ન ભણે, ભણે ને ભૂલે, ભણે પણ ગણે નહિં, ભણ્યો પણ ઊંધો જાય કે ભણે જ નહિં તો પણ ગુરુમહારાજ આવેશમાં આવીને એને અનર્થ કરવાનો વિચાર સરખો ય કરતા નથી.

એટલું જ નહિ પણ ગુરુમહારાજે તો તે ઉશ્કેરાય તે પ્રસંગે પણ ખામોશ જ રાખીને એને જ સુધારવાની ખાતર એનાં બધાં ય દુર્વર્ત્તનો અને અવિનયોને ગળી જ જવાં પડે છે. આ પ્રાકૃત જનથી બનવું સંભવિત જ નથી. પોતાના જ વિદ્યાર્થીઓ પોતાની જ સામે કપરાં વર્તનો દ્વારા કારમી ચેષ્ટાઓ કરે ત્યારે ગુરુમહારાજને ઓછો ખેદ તો ન જ થાય, છતાં ય એ દરેક કડવી વસ્તુ ગળી જવામાં જ ગુરુમહારાજ પોતાના સ્થાનમાં પોતાને ઉભેલા દેખે છે. ધ્યાન રાખવું કે–'ગુરુમહારાજે તો હરપળે આ પ્રમાણે જ વર્ત્તવું,' એવી ફરજ ગુરુમહારાજ ઉપર કોઇએ લાદી નથી તેમ જ લાદવા કોઈ સમર્થ પણ નથી. એમની ઉપર કોની બળજબરી ચાલે તેમ છે ? કહેવું જ પડશે કે કોઇનીય નહિં, કારણ કે તેઓ સર્વતંત્રસ્વતંત્ર છે !!! આમ છતાં ય સમયધર્માદિનાં ઓઠાં તળે કોઇ શઠજનો ગુરુમહારાજા ઉપર પણ પોતાને ઉદ્ભવતા સ્વચ્છંદ વિચારોનો અમલ કરાવવા ધમપછાડા કરે, ફરજ લાદવા કે બળજબરી કરવા મથે; અને દુઃસાહસોમાં નિષ્ફળ નીવડતાં જગત સમક્ષ એમની અવહેલના, અપભ્રાજના કરે, અવર્ણવાદ બોલે તેની કિંમત આજની પણ શાણી દુનિયા ખસેલ મગજના ઉદ્ધત મૂર્ખ-શિરોમણિથી અધિક લેખતી નથી. વસ્તુ-સ્થિતિ આમ જ છે તો ગુરુમહારાજને પોતાના જ ઉપાસકના પોતાની ઉપરના પણ દુર્વર્ત્તનો પ્રતિ ખામોશ જ રાખવાની ફરજ કોણ પાડે છે ? એના ઉત્તરમાં સમજવું કે ગુરુમહારાજના હૃદયકમળમાં ઠરીને ઠામ થએલી સદ્‌વિદ્યા જ એ ફરજ પાડે છે. તદુ-પરાંત છદ્મસ્થ એવા ગુરુમહારાજમાં પણ જે જે અંશે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અતિચાર કે અનાચાર હોય તેને પણ શેષ વર્ગ તો ઉપાસક જ હોવાથી જાણતો હોય છતાં કહેવા કે સુધારવા સમર્થ નથી. આમ છતાં એ જ ઉપાસક વર્ગને તે ને તે જ ગુરુમહારાજના ઉપર્યુક્ત ક્રોધ, માન, માયાદિ દૂષણો ક્રમે ક્રમે સૂક્ષ્મ, સૂક્ષ્મતમ થયેલાં પ્રત્યક્ષ જણાય છે, અનુ-ભવાય છે. તે શાથી થયાં ? કોણે કર્યાં ? અહિં જ પણ કહેવું જ પડશે કે ગુરુમહારાજના હૃદય-કમળમાં અટલપણે વાસ કરી રહેલ સદ્‌વિદ્યાએ જ. આથી પણ એ સિદ્ધ જ થયું કે ગુરુનો ગુરુ પણ વિદ્યા જ છે. જગતના તારક એવા તને આવું શોભે ? ઇત્યાદિ પ્રકારે ગુરુ-મહારાજને વિદ્યા જ હિતશિક્ષા આપવા સમર્થ છે અને આપે છે. પરિણામે ગુરુમહારાજ પોતાના વિષયકષાયાદિને પાતળા કરી શાન્ત, દાન્ત, ધૈર્ય, ગંભીર્યાદિ ગુણરત્નોથી વાસિત થવાને પરિણામે, જગતના પ્રાણીઓના તરણ-તારણ બનેલા હોવાથી આ લોકમાં લોકોવડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિલભેર સેવાય છે, પૂજાય છે અને પરલોકમાં સુગતિના ભાજન બને છે. ઉપર્યુંકત રીતે ગુરુ-મહારાજનો પણ ઉભય લોક સુધારનાર વિદ્યાજ હોવાથી પણ વિદ્યા ગુરુનો પણ ગુરુ છે.

## વિદ્યા વિદેશગમનપ્રસંગે બંધુ-વર્ગનું કામ આપે છે.

યેન કેન પ્રકારેણ પણ આત્મનિર્વાહ અશકય હોવા છતાં ય બ્હોળે ભાગે મનુષ્યો સ્વદેશે જ નિવાસ કરવા ઇચ્છે છે. વિદેશ વસીને આવેલા અને એક વખત પોતાનાથી પણ વિષમ સ્થિતિના સાથીને તેઓ અતિ સુખી થયો દેખે, તેમ જ તેનાથી ય વિશેષ સુખના પોતે કાંક્ષી પણ હોય છતાં પણ દેશ તજ-વામાં તેઓ અજબ ભીરુતા સેવતા જણાય છે, અનુભવાય છે. તેનું કારણ એ છે કે અબુદ્ધ ( મૂર્ખ ) જનો દુનિયામાં પુષ્કળ હોય છે, જેથી તેવા જનોએ આર્થિક પીડા દૂર કરવા માત્રમાં સ્વદેશ તજતાં લાખોનાં ભોગે લાવવો અને ક્રોડોના ભોગે ય કમાવો મુશ્કેલ એવા અમૂલ્ય અને અખૂટ વારસાને પ્રથમ પદે જલાંજલી આપવી પડે છે. એ વારસો શું હશે ? એ જાણવાની વાચકને થતી જિજ્ઞાસાના નિવારણાર્થે અત્ર પ્રથમ તો આપણે એ વારસાની જ ઓળખાણ આપવી જરૂરી છે. અને તે આ પ્રમાણે–દેશ-માંની સર્વ સ્વતંત્રતા તજીને સર્વ પરતંત્રતાના હેતભૂત વિદેશે વસવા જતાં પણ જેઓ તાણીતૂ-ણીને ય ગુજરાન નિર્વહવામાં હતભાગી બન્યા હોય છે તેઓએ પણ પોતાના દેશબન્ધુઓ-દ્વારા સાધ્ય એવાં પોતાનાં સર્વ સાંસા-રિક કાર્યો સાધવા પ્રસંગે તે તે બંધુઓનો પ્રથમનો પરિચય જ છતાં વિદેશના વિરહિત કાળના વિક્ષેપને લીધે પોતાની પૂર્વવત્ કુલીનતાદિની દેશબંધુઓના દિલમાં સુંદર છાપ બેસાડવા, તેમ જ અતિ દુઃખી છતાં એકદમ સુખી હોવાનો ભાસ કરાવીને એના દિલમાં સચોટ વિશ્વાસ સ્થાપવા, દેવું કરીને પણ બ્હોળા ખર્ચે અનેક વારના નિષ્કારણ હાવભાવ બતાવવા–વિગેરે કાર્યો કરવા પડે છે.

( ચાલુ )

## લક્ષ્મીની લીલા !

The world is blinded by wealth, for whose sake the son fights with his father, brothers are ready to destroy one another, and the most terrible wars take place.

જેને માટે બાપ–બેટા અને ભાઇ-ભાઇ એક બીજાનું ઉચ્છેદન કરવા તૈયાર થાય છે અને જેને માટે ભયંકર યુદ્ધ પણ થાય છે તે લક્ષ્મીની અંદર જગત આંધળું બન્યું છે.

—મુનિશ્રી ન્યાયવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુદર્શનનો તલસાટ

**શ્રી**મદ્ આનંદઘનજી મહારાજ સ્તવનના અંક સાથે આત્માને અધ્યાત્મ દશામાં પ્રગતિ સાધી શકાય એવા નવનવા પગલા ભરાવે છે. સાતમા જિનના સ્તવનમાં જુદા જુદા નામો પાછળ રહેલું સામ્ય સમજાવી તીર્થંકર પ્રતિ દૃઢચિત થવા જણાવ્યું; અને હવે આઠમા શ્રી ચંદ્રપ્રભુના સ્તવનમાં એ તીર્થપતિના યથાર્થ દર્શન કરવાની રીત દાખવતા અત્યાર પર્યંતનું જીવન કેવી રીતે વ્યતીત કર્યું તેનો ચિતાર રજૂ કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે—જો આત્માને દર્શનનો સાચો તલસાટ પ્રગટી શકે એવી કોઇ પણ ગતિ હોય તો તે એક માત્ર મનુષ્યજન્મની જ છે અને તેની આસપાસ પણ મર્યાદાના બંધન ઓછા નથી જ.

આ સ્તવન સખીઓ વચ્ચેના સંવાદ રૂપે રજૂ કરે છે એ પણ નવિનતા છે. કુમતિના ફંદમા ફસલા આત્માને શુદ્ધ ચેતના પરમેશ્વરનું મુખારવિંદ દેખવા દેતી નથી અર્થાત્ શુદ્ધ ચૈતન્યના જોડ કુમતિના મેળ મળતો જ નથી, પણ જ્યારે આત્મા એ કુમતિને તરછોડી દઇ સુમતિનો સાધિયારો શોધે છે અને એની દોરવણી હેઠળ આવે છે ત્યારે શુદ્ધ એવો ચૈતન્ય ધર્મ શું વસ્તુ છે? એ કેવી રીતે પામી શકાય? એ માટે કેવી સામગ્રી એકઠી કરવી જોઇએ ઇત્યાદિ વિચારો આત્માને સહજ ઉદ્દભવે છે. એના નિમિત્તભૂત સુમતિ હોવાથી આ સ્તવનમાં આખોયે સંવાદ સુમતિ અને શુદ્ધ ચેતના વચ્ચે ગોઠવાયો છે.

**સુમતિ**—હે સખિ! તીર્થપતિ, એવા ચંદ્રપ્રભુનું ચંદ્રસમી કાન્તિવાળું મુખ દેખવા દે. એ મુખ રાગ-દ્વેષના અભાવથી પેદા થતાં ઉપશમ રસના-નિરવ શાંતિના મૂળ સમાન છે. એ જોતાં જ દુઃખ અને ગ્લાનિ કિંવા કલેશજનિત દુઃખસમુદાય આપોઆપ ગલિત થઇ જાય છે. આજે લાંબા કાળે જે કાળની ગણના ન થઇ શકે એવા અસંખ્યાત સમય પછી મુખદર્શનનો મોંઘેરો યોગ સધાયો છે.

એમ કહી જે સ્થાનો ગણાવે છે તે યોગિરાજ સ્તવનની બીજીથી ચોથી સુધીની ત્રણ ગાથામાં દર્શાવે છે. એમાં સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ એકેંદ્રિય જાતિમાંની પૃથ્વી-અપૂ-વાઉ-તેઉ અને વનસ્પતિરૂપ પાંચ નિકાય, તેમ જ બેઇંદ્રિય-તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય યુક્ત અવસ્થાઓનો સમાવેશ કરે છે. નિગોદ અવસ્થા એ આત્માની પતિત દશાનું કિંવા સાવમૂઢતાનું પ્રતિક છે એમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથી જ. એના પાશમાંથી મુક્ત થઇ આત્મા વ્યવહારરાશિમાં આવે ત્યારે જ એ માર્ગે આવ્યો એમ કહી શકાય. એમાં પણ તેઇંદ્રિય સુધી નેત્રોના અભાવ હોવાથી જ્યાં પદાર્થોને દેખવાપણું જ નથી ત્યાં પ્રભુમુખદર્શનના યોગની શી વાત કરવી? વળી ચઉરિંદ્રીપણાની ચક્ષુઓ એ તો પાણીની રેખા સમી-યથાર્થ દર્શન માટે સાવ નિષ્ફળ. પંચેંદ્રિયપણામાં જો કે ચક્ષુઓનો સાથ સારો લેખાય પણ એમાંની દેવતા, નારકી ને તિર્યંચરૂપ ગતિઓ જ એવા પ્રકારની છે છે કે એમાં ઉન્માર્ગે દોરાવાનું અને શુદ્ધ ચૈતન્યની પિછાન કરવાનો મુદ્દો વીસરી જવાનું સહજ બની આવે છે. નર્કોની વેદના, પરમાધામીના માર અને અન્યોઅન્યના યુદ્ધ જ્યાં સતત ચાલુ હોય ત્યાં જિનેશ્વરનું દર્શન ચક્ષુ છતાં ક્યાંથી સંભવે? પરાધીનતાના ભંડાર સમુ જનાવરનું જીવન પ્રભુને ક્યાં જોવા જાય? આકાશમાં ઉડ્ડયન કરતા કોઇ પંખી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાને અરણ્ય મધ્યે આવેલ મંદિરમાં કે ગિરિશૃંગ પરના મનોહર પ્રાસાદમાં વિરાજમાન મૂર્તિ જોવાનો યોગ લાધે છતાં એમાં વસ્તુને વસ્તુસ્વરૂપે નિરખાપણું ભાગ્યે જ હોય ! અને દેવોના વિમાનો એટલે રિદ્ધિસિદ્ધિના ધામો, અમાપ આનંદ અને અનુપમ વિલાસ એ જ્યાં જીવનનું ધ્યેય, એમાં મિથ્યાત્વ દશાનો ઉમેરો, સતત કુમતિ બાઇની દોરવણી ત્યાં શાશ્વત ચૈત્યોમાં જવાની ફુરસદ મળે ખરી ?

સમ્યક્ત્વીના ભાગ્યમાં એ જાતનો યોગ અને એવી ફુરસદ અવશ્ય લખાયેલી છે, છતાં એમની સંખ્યાનું પ્રમાણ કેટલું અલ્પ ! તેથી તો એ ત્રણે ગતિને ગણનામાંથી બહાર મૂકવી પડી. ચોથી એવી મનુષ્યગતિ પણ કેવળ જન્મ આપવાથી લેખે નથી મનાઇ; કેમકે એમાં પણ અનાર્ય દેશમાં અરિહંત બિંબના દર્શનનો સંભવ નથી. આર્દ્રકુમાર જેવો પ્રસંગ એ તો કવચિત બને. વળી જ્યાં પર્યાપ્તિઓ પૂરી કર્યા વગર અપર્યાપ્ત દશામાં જ મૃત્યુને ભેટવાનું છે ત્યાં પ્રભુમુખ-દર્શનપ્રાપ્તિ શી રીતે થઇ શકે ? અને તેથી જ ચોથી ગાથાનો પ્રાંત ભાગ પોકારે છે કે–

'ચતુર ન ચડીઓ હાથ' એ વાસ્તવિક છે. યથાર્થ જ્ઞાન વિના સાચી ઓળખાણ સંભવતી જ નથી; અને સાચી પિછાન વિના યોગ્ય મૂલ્યાંકન થઇ શકતું જ નથી. એ ધોરણે જોતાં ચોરાશી લાખ યોનિમાં માત્ર ગણત્રીના સ્થાન બાદ કરીએ તો બાકીનાની સ્થિતિ 'દરિસણ વિણુ જિનદેવ'ની છે. એ વાત આગમપ્રમાણથી પણ સ્પષ્ટ થાય છે. તેથી મનુજગતિ અને એમાં પણ શાસ્ત્રમાં દર્શાવાયેલી સાનુકૂળતા લાધે તો જ તીર્થંકર-મુખદર્શનની તક પ્રાપ્ત થાય. વળી કેવલ બાહ્ય દર્શનનું જે મૂળ ધ્યેય છે તે ન સધાય; એ સારુ આંતરિક શુદ્ધિની અગત્ય રહે જ. એ સારુ સ્તવનની છઠ્ઠી ગાથામાં કહેવાયું છે કે—

**'નિરમલ સાધુ ભગતિ લહી,**
**યોગ અવંચક હોય;**
**કિરિયા અવંચક તિમ સહી,**
**ફલ અવંચક જોય.'**

એનો સાર એ છે કે ઠગાઇની વૃત્તિ વગરનું દંભ કે દેખાવ પૂરતું નહિ પણ નિષ્કપટભાવથી યુક્ત જીવન બનાવી જો સિદ્ધિમાર્ગના પંથે પળેલા સાધુઓની ભક્તિ કરવામાં આવે, એમના વડે સૂચિત કરણીમાં ઉજમાલતા ધરવામાં આવે; તો સંપૂર્ણ ફળ અવશ્ય મળે જ. એ અવંચક ફળસ્વરૂપની પ્રાપ્તિ યાને ઇપ્સિત મુક્તિ મેળવવામાં જિનવરનું અવલંબન પ્રેરણારૂપ નિવડે છે. એ ભગવાન સ્વસ્વરૂપનું દિગ્દર્શન કરાવવાથી પ્રવર્તમાન બનેલ આત્માને એવી તો ઉત્તેજના અર્પે છે કે જેથી આત્મા મોહનીય કર્મનો કાયમને માટે કૂચો વાળી દે છે. એ કૂચો વળતાં જ ચિરકાળે સેવિત મનોરથ ફળે છે. એ બધાના નિમિત્તભૂત પેલું પ્રભુ-દર્શન છે માટે એની પ્રાર્થના કરાયેલી છે. અંતમાં આનંદઘનજી મહારાજ તેથી તો સ્વમુખે ઉચ્ચરાવે છે કે—

ચંદ્રપ્રભુનું મુખદર્શન અર્થાત્ જિનમૂર્તિનો યોગ–

**'કામિત પૂરણ સુરતરુ' સમ છે.**

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સં....ય....મ

અનુ૦ **અભ્યાસી** B. A.

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।**
**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥**

"અજ્ઞાનરૂપી અંધકારથી જેની બુદ્ધિ આચ્છાદિત થયેલી છે તેવી રાત્રિમાં જીતેંદ્રિય યોગી જાગે છે, અને જે વિષયાદિરૂપી દિવસમાં સૌ પ્રાણીઓ જાગે છે તે તત્ત્વદર્શી મુનિઓ માટે રાત્રિ છે."

સંસારના પ્રાણીમાત્ર માયાના અંધકારમાં પડેલા છે. તેઓ ક્ષણિક સુખો પાછળ ભટકે છે અને છેવટે પતંગની માફક વિષયોની આગમાં બળીને મરી જાય છે, પરંતુ જે મહાત્મા હોય છે તેની ઉપર દુનિયાનો જાદુ ચાલી શકતો નથી. તેઓ તો સુંદરીના રૂપ-યૌવનની પાછળ છુપાઇ રહેલા તેના માંસ, મજ્જા, લોહી તથા ઘૃણામય મૂર્તિને પ્રત્યક્ષ દેખે છે, તેથી તેનું રૂપ નિહાળીને તેના મનમાં કોઇ પણ જાતનો વિકાર ઉત્પન્ન થતો નથી અને ઉત્પન્ન થાય તો પણ ટકી શકતો નથી. તેઓ તો પ્રતિક્ષણ પોતાનાં લક્ષ્યબિંદુ તરફ જ ધ્યાન રાખે છે, અહિંતહિં દૃષ્ટિ ફેરવવાનો તેઓને અવકાશ જ મળતો નથી.

સંસારમાં સંયમિત જીવન વ્યતીત કરવાની મહાન્ આવશ્યકતા છે. જ્યાં સુધી આપણે આપણી જરૂરિયાતો ઘટાડશું નહિ ત્યાં સુધી આપણને સાચા આનંદની પ્રાપ્તિ થઇ શકશે નહિ. ધારો કે એક વર્ગમાં વીશ વિદ્યાર્થીઓ છે. એમાંનાં પાંચ સમજુ છે. તેઓને પરીક્ષામાં પાસ થવું છે તેને માટે તેઓ ખૂબ તનતોડ મહેનત કરે છે. જે પાઠ તેઓને શીખવાનો હોય છે તેની પહેલેથી જ તૈયારી કરીને વર્ગમાં આવે છે અને શિક્ષક તેઓને જે કાંઇ શીખવે છે તે ધ્યાનપૂર્વક સાંભળે છે અને પોતાની શંકાઓનું સમાધાન કરતા જાય છે. પરિણામે તેઓ પરીક્ષામાં સારે નંબરે પાસ થાય છે. બે-ચાર વિદ્યાર્થી એવા છે કે જેઓ આખું વર્ષ મોજમજા કરે છે પરંતુ પરીક્ષાના દિવસોમાં ખૂબ મહેનત કરીને કોઈ પણ રીતે પાસ થઈ જાય છે, પરંતુ તેઓની સફળતા પહેલા પાંચ વિદ્યાર્થીઓની માફક નિશ્ચિત નથી હોતી. બાકીના સઘળા વિદ્યાર્થીઓ એવા છે કે જેઓ કદી પણ મહેનત કરતા જ નથી અને પરિણામે તેઓ પરીક્ષામાં નાપાસ થાય છે અને પોતાની કમનસીબી ઉપર રડે છે, પરંતુ સાચી વાત તો એ છે કે પોતાની નિષ્ફળતાનું કારણ પોતે જ છે. જો પહેલેથી જ થોડા વિદ્યાર્થીઓની માફક સૌએ પરિશ્રમ કર્યો હોત તો સૌને કેટલી સારી સફળતા મળત! એ જ સ્થિતિ મનુષ્યજીવનની છે. જે લોકો બેદરકાર રહીને પોતાનો અમૂલ્ય સમય ગાળે છે, જેઓનું જીવન અસંયત હોય છે તેમને છેવટે ઘોર પશ્ચાત્તાપ અને દુઃખના શિકાર બનવું પડે છે.

આજકાલ તો મનુષ્ય-જીવનનું શું લક્ષ્ય છે તે જાણવું પણ કઠિન થઇ પડયું છે. સંસારની સામાજિક, રાજનૈતિક, આર્થિક વગેરે જુદી જુદી સમસ્યાઓ મનુષ્યને જીવન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભર મુંઝવી રહેલી છે. માણુસ એ સર્વને એક સાથે ઊકેલીને સફલ જીવન વ્યતીત કરવા ઇચ્છે છે, પરંતુ ઘણે ભાગે એથી ઊલટું જ બને છે. મનુષ્યની અંદર કોઇ જાતની જરા પણ નબળાઇ આવી કે તરત જ તેનું અધઃપતન થાય છે. ભિન્ન ભિન્ન કાર્યક્ષેત્રોમાં ભિન્ન ભિન્ન રુચિના લોકો હોય છે, તેથી માણુસે પોતાની રુચિ અનુસાર કોઇ એક કાર્યક્ષેત્ર પસંદ કરી લેવું જોઇએ અને તે કાર્ય પરિશ્રમપૂર્વક કરતાં કરતાં પોતાની સઘળી શક્તિ તે પૂરું કરવામાં જ લગાવી દેવી જોઇએ.

મોટાં મોટાં કાર્યો તો સૌ કોઈ કરવા ઈચ્છે છે, પરંતુ તે કરવાની પ્રણાલી શું છે? તે નથી જાણુતા. ટીપે ટીપે જ ઘડો કે સરોવર ભરાય છે. એટલા માટે પહેલાં તો નાનાં કાર્યોમાં જ સંયમ રાખતા શીખવું જોઈએ. પછી આગળ ઉપર આપણાથી મોટાં મોટાં કાર્યો પણ થઇ શકશે. જે લોકો નાનાં નાનાં કાર્યોમાં સંયમ નથી રાખી શકતા તેનાથી મહાન્ કાર્યો નથી થઇ શકતા.

સંસારમાં એક દિવસ આપણે સીધે રસ્તે આવવું જ પડે છે, એટલા માટે પહેલેથી જ આપણે સીધો રસ્તે પકડવાનો યત્ન કેમ ન કરીએ? જગતના સઘળા પદાર્થો વિનશ્વર છે; તેમાં કયાંય પણ આનંદ રહેલો નથી, આનંદ તો મનુષ્યની અંદર જ રહેલો છે. જો આપણે ખાવાપીવામાં સંયમ નહિ રાખીએ તો માંદા પડશું અથવા આપણી જીભનો સ્વાદ બગડી જવાનો, જેને લઇને સારામાં સારી ચીજ ખાવામાં પણ આપણુને કશો રસ નહિ આવે. જે લોકો કોઇ કોઇ વાર મિષ્ટાન્ન ખાય છે ત્યારે તેને ખાવામાં કેટલો આનંદ આવે છે! પરતું હમેશાં ખાનારને તે વસ્તુઓમાં કશો ખાસ સ્વાદ નથી આવતો. એ જ વાત સ્ત્રીપ્રસંગના સંબંધમાં પણ છે. મનુષ્ય એટલું પણ નથી જાણતો કે સ્ત્રીની સાથે વિષયભોગ કરવાથી જે આનંદ આવે છે તે પોતાના લોહીથી જ પ્રસન્ન થાય છે. તે પોતાનું વીર્ય તથા યૌવનની શક્તિને પોતાના જીવનનું મહાન્ લક્ષ્ય સાધવામાં લગાડી શકત, પરંતુ મૂર્ખતાવશ તે પોતાના શરીરનું બધું બળ તથા તેજ વેડફી નાખે છે. જો કુદરતી ભૂખ લાગી હોય છે, તો તેની તૃપ્તિ સાધારણ સાત્વિક પદાર્થોથી થાય છે; પરંતુ જયાં મનુષ્ય ઇન્દ્રિયોની તૃપ્તિ માટે જ જીવતો હોય છે ત્યાં તેની તૃષ્ણાનો અંત જ નથી આવતો. અનેક પ્રકારની સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવા છતાં પણ તે અતૃપ્ત જ રહે છે. પોતાની સ્ત્રીથી સંતુષ્ટ ન રહેતાં તે સુંદરીઓની પાછળ અહિંતહિં ભટકયા કરે છે અને એ મૃગતૃષ્ણામાં ફસાઇને પોતાની અમૂલ્ય જિંદગી નકામી ગુમાવી દે છે.

આજકાલ નાનાં બચ્ચાંઓનાં હૃદયમાં પણ આ પ્રકારના કુત્સિત ભાવ તથા ગંદા વિચારો એવા ભરી દેવામાં આવે છે કે યોગ્ય સમય પહેલાં જ તેઓ ઇંદ્રિયલોલુપ બનીને પોતાનું સર્વસ્વ ખોઇ બેસે છે. તેઓનાં શરીરનો પૂર્ણ વિકાસ થયા વગર તેઓના વિવાહ કરવામાં આવે છે અને તેઓને ગૃહસ્થ બનાવવામાં આવે છે. પરિણામે સમાજ તેમજ દેશના ઉત્થાનની ભાવના, માતૃભૂમિ ખાતર પ્રાણત્યાગ કરવાનું વ્રત તેમજ ભગવાનને પ્રાપ્ત કરીને મનુષ્યજીવન સફળ બનાવવાની હોંશ એ સઘળું ધૂળમાં મળી જાય છે. બિચારો નવયુવાન પોતાના ન્હાના પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારમાં બંધાઇ જાય છે અને અનેક ચિન્તાઓ તથા ઉપાધિઓ તેને ઘેરી લે છે. કયાં બ્રહ્મચર્ય અને કયાં સંસારના વિષયભોગ! અસ્તુ.


જો આપણે આપણું, સમાજનું તેમજ દેશનું સાચું કલ્યાણ ઇચ્છતા હોઈએ તો આપણે બધાએ સંયમપૂર્વક જીવન વ્યતીત કરતાં કરતાં આત્મચિંતન કરવું જોઈએ. જેની ઇંદ્રિયો ચોતરફ ભટકતી હોય છે તે આત્મોન્નતિ તો શું પણ સંસારનું કોઇ પણ કાર્ય સફલતાપૂર્વક કરી શકતો નથી. તેથી આપણે આત્માનુભવ જેણે પ્રાપ્ત કર્યો હોય એવા સંત મહાત્માઓના શરણમાં જઇને તેમની પાસેથી સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ અને પછી આપણા જીવનને દૃઢ સંયમના કિલ્લાથી સુરક્ષિત કરવું જોઇએ. સંસારના સઘળા વિષય પ્રત્યે વૈરાગ્યભાવના વધારવી જોઇએ. એનો અભ્યાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ આત્મતૃપ્તિમાં આનંદ પ્રાપ્ત થતો જાય છે.

સૌથી પહેલાં વાણી ઉપર સંયમ કેળવવાની ટેવ પાડવી જોઇએ. મૌનવ્રતનો વધારેમાં વધારે અભ્યાસ રાખવો જોઇએ. જયાં સુધી ખાસ જરૂર ન હોય ત્યાં સુધી બોલવું ન જોઇએ. સૌનું સાંભળો, પરંતુ જે કંઇ બોલો તે ખૂબ વિચારપૂર્વક–સમજપૂર્વક બોલો. મનને વશ રાખવું જોઇએ. મનનું મૌન એ જ સાચું મૌન છે. ત્યારપછી ભોજન પર સંયમ રાખવો જોઇએ. સવારમાં ઊઠતાંવેંત પ્રતિજ્ઞા કરી લેવી જોઇએ કે આજ અમુક પ્રમાણમાં હું ભોજન કરીશ અને અમુક વસ્તુઓ જ ખાઇશ. ઉપવાસનું પણ જીવનમાં ઘણું મહત્ત્વ છે. એનાથી શરીર હલકું બને છે અને મનમાં પવિત્રતાનો ભાવ ભરાય છે. તાત્પર્ય એ છે કે જયાં સુધી ઇન્દ્રિયો કાબૂમાં ન આવી જાય ત્યાંસુધી મનુષ્યે સંપૂર્ણ સાવધાન રહેવું જોઇએ. ઇન્દ્રિયો ખૂબ પ્રબળ છે. મહર્ષિ વિશ્વામિત્રની લાખો વર્ષની તપશ્ચર્યાને મેનકાએ ક્ષણવારમાં નષ્ટ કરી દીધી. એટલા માટે જયાં સુધી ઇન્દ્રિયો પર પૂરેપૂરો અધિકાર ન આવી જાય ત્યાં સુધી કોઇ પણ પ્રલોભનનો સામનો ન કરવો જોઇએ. સંસારમાં રૂપ-યૌવનનું આકર્ષણ ખૂબ પ્રબળ છે. એનો સામનો થતાં કોઇ વિરલ પુરુષ બચે છે. એટલા માટે એનાથી ખૂબ સાવધાની રાખીને બચવું જોઇએ. સ્ત્રીઓની સાથે વધારે બેસવું ઊઠવું ન જોઈએ અને કોઇ પ્રયોજન વગર તેઓની સાથે વાતચીત ન કરવી જોઇએ. દુરદર્શી બનવું જોઈએ. આવેશમાં આવીને કોઇ પણ કાર્ય ન કરવું જોઇએ. પ્રત્યેક ક્ષણ આત્મસાધનમાં જ ગાળવી જોઇએ. મનુષ્ય દેહ થોડા સમયને માટે જ આપણને મળ્યો છે. ઇશ્વરનું ભજન મનુષ્ય–જીવનનું એક માત્ર ધ્યેય છે, તેનાથી નિ:શ્રેયસ તથા અભ્યુદયની પ્રાપ્તિ થાય છે. એટલા માટે પોતાનું ચિત્ત હમેશાં ભગવાનના ભજન–ધ્યાનમાં જ લગાડી રાખવું જોઇએ. જિંદગીનું કશું પણ ઠેકાણું નથી. ઘણો થોડો સમય હાથમાં છે, તો તે સાવધાનીપૂર્વક પળેપળનું ધ્યાન રાખીને પરમેશ્વરની પ્રાપ્તિમાં વ્યતીત કરવો જોઇએ. સંસારના સઘળા વિનાશી ભોગોનો ત્યાગ અને નિત્ય નિરંજન અવિનાશી પરમાત્માનું ભજન કરવું એ જ સાચો સંયમ છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યે તેનું પાલન કરવું જોઇએ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## હુશીઆરપુર (પંજાબ) માં જયંતી.

ચૈત્ર સુદ ૧ તા. ૮-૪-૪૦ સોમવારે આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિજી મહારાજની જન્મજયંતી તથા તેઓશ્રીજીના સદ્‌ગુરુદેવ શ્રીમાન્ બુદ્ધિવિજયજી (બૂટેરાયજી)મહારાજની સ્વર્ગવાસ જયંતી ધામધૂમથી ઉજવવામાં આવી.

ગુરુસ્તુતિ થયા બાદ શ્રીમદ્વિજયાનંદસૂરિજીના જીવન પર સુંદર પ્રવચન થયું.

પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી ગણિએ પરમ યોગિરાજશ્રી બુદ્ધિવિજયજી મહારાજનું જીવનચરિત્ર સંભળાવ્યું અને તેઓશ્રીજીના સંસ્મરણો વિષે ઘણો જ સુંદર પ્રકાશ ફેંકયો. મુનિશ્રી વિશ્વવિજયજી મહારાજે ગુરુભક્તિનું સુંદર બ્યાન કર્યું. અધ્યક્ષસ્થાનથી આચાર્યશ્રીજીએ પ્રસંગોચિત મધુર ભાષામાં ભાષણ આપી બન્ને ગુરુદેવોના વિષયમાં સુંદર ચિત્ર ખેંચી બતાવ્યું હતું અને સૂચવ્યું હતું કે શ્રી આત્મારામજી મહારાજ સ્વર્ગવાસ અર્ધ શતાબ્દિ ઉજવવામાં પાંચ વર્ષ બાકી રહ્યા છે તો અત્યારથી જ તૈયારીઓ કરવી જોઇએ જેથી સમયસર બધા કામો થઇ શકે.

બાદ જયનાદોની સાથે સભા વિસર્જન થઇ

રાત્રિના પ્રોફેસર શ્રીયુત ગિરધારીલાલ એમ એ. ની અધ્યક્ષતામાં કવિદરબાર ભરવામાં આવ્યો. હુશીઆરપુરના તેમજ બહારગામોના નામીચા (સુપ્રસિદ્ધ) કવિઓએ-શાયરોએ ભાગ લીધો હતો.

શ્રી વિજયાનંદ નૂરે ખૂદા બનકે આયે, ગુરૂ વિજયાનંદ જગઉતે બેડા પાપિઓંદા કરન પાર આયે, દેશ દે નાલ પ્રેમ કરના શીખો–આ વિષયો ઉપર વિદ્વત્તાપૂર્ણ ગુરુસ્તુતિઓ કરીને દરબારને રંજિત કરવામાં આવ્યો હતો.

## શ્રી આત્માનંદ ભુવન (દાદાવાડી)

આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજના સદુપદેશથી હુશીઆરપુરના જૈનોએ સપ્રેમે અનેક પ્રકારના ધાર્મિક કાર્યો કર્યાં છે અને કરતા જાય છે. હુશીઆરપુરમાં શ્રી આત્માનંદ ભુવન ન હોવાથી તેને માટે આચાર્યશ્રીજીએ ઉપદેશ કર્યો. લલા હીરાલાલજી જૈન ભાબૂએ શ્રી આત્માનંદ ભુવન માટે ૩ ત્રણ કનાલ ૧૨ વિગા અને લાલા સાળંગરામજી જૈને ૧ાા કનાલ ૬ વિગા તેમજ લાલા ડોંગરમલજી જૈને ૧ાા કનાલ ૬ વિગા જમીન અર્પણ કરી અને વિશેષમાં લાલા હીરાલાલજીએ રૂા. ૫૦૦) પાંચસો શ્રી આત્મારામજી મહારાજની છબી માટે તથા ૫૦૦) દર્શનીય દરવાજા માટે આપવા જાહેર કર્યાં. લાલા મીલખરામજીના ટ્રસ્ટ ફંડમાંથી એમના ટ્રસ્ટીઓએ ૫૦૦) કૂવા માટે અને ૩૦૦) રાયકોટના દહેરાસર માટે આપવા નક્કી કર્યા.

## વિહાર.

આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજે ચૈત્ર સુદિ ૬ તા. ૧૩-૪-૪૦ શનિવારે જાલંધર તરફ વિહાર કર્યો. આદમપુરમાં સૂરિજી મહારાજનું જાહેર વ્યાખ્યાન થયું. સેંકડો અજૈનોએ પણ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. જાલંધર શ્રી સંઘ પ્રવેશોત્સવની તૈયારીમાં ગુંથાઇ ગયેલ છે. શ્રી મહાવીર જયંતીની અને ઉદ્યાપનની તૈયારીઓ ચાલી રહેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦।॥ |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦।॥ |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦।॥= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।– |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧।॥ |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩।॥ |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧।॥ |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧।॥ |
| શ્રા પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| ,, ,, ,, રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| ,, સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦।॥ |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખોઃ-શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

**તૈયાર છે જલદી મંગાવો તૈયાર છે**

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્કલ્પસૂત્ર

ભા. ૪થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂા. ૬ા અને ૫**

---

## શ્રી મહાવીર જીવનચરિત્ર.

**( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )**

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તરવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો. પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

**નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.**

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા–શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

**છપાતાં મૂળ ગ્રંથો.**

૧ ધર્માભ્યુદય ( સંઘપતિ ચરિત્ર. ) ( મૂળ ) ૨ શ્રી મલયગિરિ વ્યાકરણ.

૩ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૪ પાંચમાં છટ્ટા કર્મગ્રન્થ.

૫ શ્રી બૃહત્કલ્પસૂત્ર ભાગ ૬

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only